# અધ્યાત્મ



વર્ષ : ૨૦    ડીસેમ્બર–૧૯૯૮    અંક : ૩

## * આ દિવસો પણ ચાલ્યા જશે. *

આ દિવસો પણ ચાલ્યા જશે એટલે દુઃખના દિવસો પણ, પ્રતિકૂળતાના દિવસો પણ કાયમ માટે રહેવાના નથી. સુખના દિવસો પણ રહેવાના નથી. સંપત્તિના પણ રહેવાના નથી. સમૃદ્ધિ ને વૈભવના પણ રહેવાના નથી. એ પણ ચાલ્યા જવાના, માટે હે માનવ, અહંકાર ન કરતો સમૃદ્ધિની પળોમાં, સંપત્તિની ક્ષણોમાં અને જ્યારે દુઃખ આવે, વિષાદ આવે, નુકસાનીની, હાનિની ક્ષણો આવે ત્યારે અતિશય દુઃખી થઈને જીવન પ્રત્યેનો રસ પણ ખોઇ ના બેસતો. આત્મઘાત કરવાનો પણ વિચાર ના કરતો. આકાશના વાદળાં જેમ એકસાથે એક ઠેકાણે કાયમ રહેતાં નથી, એ તો તરત જ ચાલતાં જ થઇ જાય. પવનની લહેરો પણ એક ઠેકાણે ઊભી રહેતી નથી. એમનો એ સ્વભાવ જ છે. માટે આ દિવસો પણ ચાલ્યા જશે.

### Back to nature. Back to God.

પરમાત્મા તરફ પાછા વળો. વળી પાછા નિસર્ગ તરફ તમે વળો. જીવનને જેટલું બને તેટલું સાદુ, સરળ, શુદ્ધ, માનવતાથી મહેંકતું અને પરમાત્માની પ્રેમભક્તિથી પુલકિત અથવા પ્રસન્ન બનાવવાને માટેના પ્રયત્નો કરો. જેમ જેમ પરમાત્મા તરફ આગળ વધતા ચાલશો, પરમાત્માનું રટણ કરતા ચાલશો, મન ઉપર, ઈન્દ્રિયો પર, વિચારો પર, ભાવો પર, સંકલ્પ–વિકલ્પો પર, તર્કવિતર્કો પર કાબૂ કરવાનો પ્રયત્ન કરતા રહેશો તેમ તેમ આ તમારી ખોવાયેલી શાંતિને તમે અનુભવી શકશો. જીવનની અંદર સ્થિરતાનો, જીવનની અંદર સંવાદિતાનો અનુભવ તમારે માટે પછી સહજ બની જશે.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરિટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| પૂ. માના દર્શનનો પ્રથમ મહોત્સવ | નારાયણ હ. જાની | ૧૩ |
| અકસ્માતની વિશેષતાઓ | મા સર્વેશ્વરી | ૧૯ |
| વિવેક | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૫ |
| પ્રાકટ્ય પર્વોત્સવ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૨૬ |
| નીમ કરોલી બાબા | ઈશ્વરભાઇ ભક્ત (પરમાર્થી) | ૩૩ |
| અજપા જાપ અને ધ્યાન | લાભુભાઈ દવે | ૪૧ |
| પામીએ જીવન પ્રકાશ | ડૉ. બી. જે. જાગાણી | ૪૫ |
| પ્રેરક પ્રસંગો | ઝિંઝુવાડીયા કનૈયાલાલ | ૫૧ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૭ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૦ ડીસેમ્બર—૧૯૯૮ અંક : ૩

## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૩—૭—૮૧, શુક્રવાર, અષાઢ સુદ બીજ, ૨૦૩૭**

**સ્થળ : ૧૦/એ. અંબિકા વિશ્રામગૃહ, બસસ્ટેન્ડ પાસે, અંબાજી.**

આજે સવારે ૨ કિલોમીટર ઉપર આવેલી પુષ્પાનંદજી મહારાજનું સ્થાન જોવા જવાનું બન્યું. સમયસર બધું જ કાર્ય થયું. આજે ભોજન ઉતારા પર જ લાવવામાં આવ્યું, જેથી ઉતારા પર ભોજન લઇ આરામ.

ચાર વાગ્યે સત્સંગ શરૂ થનાર હતો ત્યાં ૩—૩૦ વાગ્યે શ્રી પદ્માબેન પૂ. શ્રીને મળવા આવ્યાં ચાર વાગે પૌઢશિક્ષણના તાલીમાર્થી ભાઇબેનો આવ્યાં.

પૂ. શ્રીએ સર્વેશ્વરીને ભજન ગાવાનું કહ્યું. ભજન બાદ પૂ. શ્રીએ ગીતાની સમજ આપતું નાનકડું પ્રવચન આપ્યું જેમાં કહ્યું,

કે, "આપણે નરમાંથી નારાયણ થઇ શકીએ તો નરમાંથી ખર પણ થઇ શકીએ."

પુસ્તકો કેવું કામ કરે છે, તેના ત્રણ ચાર પ્રસંગો પૂ. શ્રીએ વર્ણવ્યાં, જેમાં ઇંગ્લેન્ડના બે પ્રસંગ, ઝાંબીયાનો એક પ્રસંગ અને દુબઇના એક ભાઇનો પ્રસંગ મુખ્ય હતા.

મુલાકાત બાદ આરામ કર્યો.

**તા. ૪–૭–૮૧, શનિવાર, અષાઢ સુદ ત્રીજ, ૨૦૩૭**

સવારે તો પૂ. શ્રી લેખનકાર્ય ને જપમાં મગ્ન જ હોય છે. છેક ૧૧ સુધી એ ક્રમ અખંડ રીતે ચાલ્યા જ કરે છે.

૧૧ બાદ ભોજન માટે મંગલા ડાઇનીંગ હોલમાં જવાનું બને છે. ત્યાંથી આવ્યા બાદ આરામ.

બરાબર ૨–૧૫ મિનીટે બસ સ્ટેન્ડ પર જવા માટે નીકળ્યાં. સામાન વિશેષ હતો. પૂ. શ્રી પોતે પોતાની બે બેગો ઊંચકી લે છે. ત્યાં વળી અંબિકા વિશ્રામગૃહનો જ એક ભાઇ તે લઇ લે છે. બસ સ્ટેન્ડપર પૂ. શ્રીનાં પણ પુસ્તકો વેંચાય છે. તે બુકસ્ટોલના માલિક શ્રી પન્નાલાલ પૂ. શ્રીને ટેબલ બેસવા માટે આપે છે.

સમયસર બસ ઉપડે છે. લક્ઝરી બસમાં ૧ અને ૨ નંબરની સીટપર પૂ. શ્રી તથા સર્વેશ્વરી બેસે છે. શ્રી વિજયભાઇ પાલનપુરની બસમાં બેસી જાય છે.

અમદાવાદ સાડા ચાર કલાક પછી આવી જવાનું બને છે. યજમાન પરિવારને અમારો આવવાનો પત્ર મળ્યો ન હતો.

થોડી વાતો બાદ હળવો નાસ્તો લઇ પૂ. શ્રી મુંબઇ અગત્યના કાર્ય માટે ફોન કરવા નીચે આવે છે. ફોન તરત જ લાગી જાય છે. વાતો થાય છે.



પૂ. શ્રી થોડીવાર નીચે બેઠા છે. યજમાન પરિવાર પૂ. શ્રીની વાતો સાંભળે છે. રાતના ૧૦ વાગી ગયા છે.

આજે અમદાવાદ બસ સ્ટેન્ડપર ખાસ મુશ્કેલી સામાન ખસેડવા કે રીક્ષા મેળવવામાં ન પડી. એ અંગે પૂ. શ્રી માતાજીની વાતો જેવી કે ઋષિકેશમાં ધર્મશાળામાં ઉતરતાં એક મજૂરની વાત, અંબાજીની ટિકિટો ખોવાયા ને મળ્યાનો પ્રસંગ, વળી મસૂરીના એક મહાત્મા, યજમાનને હેરાન કરનારની વાતો કરી.

લગભગ ૧૦:૩૦ વાગે ઉપર આવી પૂ. શ્રી આરામ કરે છે.

**તા. ૫–૭–૮૧, રવિવાર, અષાઢ સુદ ચોથ, ૨૦૩૭**

**સ્થળ : અમદાવાદ.**

સવારે જપ લેખનનો ક્રમ નિયમિત ચાલે છે. બરાબર સાડા અગીયાર વાગ્યે દ્વાર ખોલ્યું. આજે નિયમિત ૮ વાગ્યે પૂ. શ્રીએ દૂધ લીધું.

ભોજન તૈયાર હતું. જેથી ભોજન લઇ લીધું. ત્યાર બાદ વડોદરાથી શ્રી જીતુભાઇ આવ્યા હતા. તેને બોલાવ્યા. તેમની સાથે ૧૨–૩૦ સુધી અગત્યની વાતો કરી. ત્યાર બાદ વડોદરાના શ્રી વિનુભાઇ તથા મંજુલાબેન સહિત નંદુભાઇનો પરિવાર પણ આવી ગયો.

આજે થોડી વાતો થઇ, જે નોંધને યોગ્ય ન હતી. મુલાકાત ૧–૩૦ સુધી ચાલી, જેમાં આબુ, અંબાજીની વાતો ચાલી.

મુલાકાત બાદ મુંબઇ શ્રી જે. વી. શાહને અગત્યના કામ માટે પૂ. શ્રીએ ફોન કર્યો.

ત્યાર બાદ થોડો આરામ કરી પૂ. શ્રીએ થોડું લેખન કાર્ય કર્યું.

સવા છ વાગ્યે દ્વાર ખોલ્યું. શ્રી બાબુભાઇ, પદ્માબેન સહિત

૧૫ જેટલા સભ્યો એક પછી એક આવીને પ્રણામ કરીને બેઠા.

પૂ. શ્રીએ આબુમાં શ્રી મોહનભાઈ પટેલને અદ્દભુત અનુભવ થયેલો તે વાત કરી.

શ્રી નંદુભાઈએ ખ્વાજા અબ્બાસનો અનુભવ કહ્યો, જેમાં ખ્વાજા અબ્બાસ નામના સામ્યવાદી લેખકને લકવાની લાંબી માંદગીમાં સંતોના સ્વપ્નદર્શનથી તે લકવો બીજે દિવસે અદૃશ્ય થઈ ગયો.

એ સાંભળીને સર્વેશ્વરી શ્રી મોહનલાલ ભક્તના માતાજીને લાંબી લકવાની માંદગી એક સાધારણ સાધુએ આપેલ ભસ્મ તે ભાગ પર લગાડવાથી તે માંદગી અદૃશ્ય થઈ તેની વાતો કરી.

શ્રી દીનાબેન ઘડીયાળીનો આજે પત્ર હતો જેમાં પૂ. શ્રીનો વચનસિદ્ધિનો અનુભવ લખ્યો હતો, તેઓએ તે કહી બતાવ્યો.

ત્યાર બાદ થોડી રાજકારણમાં સુધારાની વાત થઈ. વળી થોડી ધર્મની ચર્ચા થઈ, ત્યાં તો ૮ વાગી ગયા, સૌ પ્રણામ કરી વિદાય થયા.

વિદાય થતાં પહેલાં પૂ. શ્રીએ પોતાના લેખોની કોપી કરવા શ્રી રંજનબેન તથા શ્રી નરેન્દ્રભાઈને સમજ આપી.

પૂ. શ્રી આજે કણકી, દૂધ ને શાકનું ભોજન લે છે. ત્યાર બાદ આરામ.

**તા. ૬–૭–૮૧, સોમવાર, અષાઢ સુદ પાંચમ, ૨૦૩૭**

બધું જ કાર્ય અહીં પણ સમયસર થાય છે. પૂ. શ્રી સૌ પ્રથમ વ્યાયામ કરી લે છે. ત્યાર બાદ સ્નાન, મંત્રજાપ, ગીતાપાઠ ને દૂધ પીધા બાદ લેખનકાર્ય શરૂ કરે છે.



સ્થળ ને કાળને લીધે એમના કોઈ નિયમોમાં ખાસ ફેરફાર થતો નથી.

સર્વેશ્વરી પણ વ્યાયામ, મંત્રજાપ, લેખન કરી લે છે. ત્યાં તો સાડા અગીયાર થઈ જતાં દ્વાર ખૂલે છે.

પૂ. શ્રીનું ભોજન બનાવનાર શ્રી કુસુમબેન ભોજનની સામગ્રી લઈને ઉપર મૂકી જાય છે.

પૂ. શ્રી તથા સર્વેશ્વરી રૂમમાં પાટલા પર બેસી મગ, ભાત, શાકનું ભોજન લઈ લે છે.

ભોજન બાદ શ્રી બાબુભાઈ વોરા, મધુબેન સહિત નંદુભાઈ-નો પરિવાર ઉપર પૂ. શ્રીને પ્રણામ કરી બેઠાં છે.

પૂ. શ્રીએ આજે સારા કામમાં ઉપયોગ થતો હોય એવી રકમોની વાત કરી. ત્યાં વળી શ્રી કંચનબેનનો પત્ર અમેરિકાથી આવ્યો તેમાં તેમના પિતાજીના સ્મરણાર્થે સરળગીતા છપાવવાની વાતો લખી હતી. એટલે સરળગીતાની વાતો થઈ. સમય થઈ જતાં સૌ પ્રણામ કરી વિદાય થયા.

પૂ. શ્રીએ આજે અમીતને અંગ્રેજીમાં એક પત્ર મસૂરી લખાવ્યો. ત્યાર બાદ આરામ કર્યો.

પૂ. શ્રી ઉપર આવતા પત્રો પૈકી આજે નવ પત્રોના જવાબો સર્વેશ્વરીએ આપ્યા. ત્યાર બાદ પૂ. શ્રી આરામ કરતા હતા ત્યાં સર્વેશ્વરી આવે છે.

સર્વેશ્વરી સાથે પૂ. શ્રી પરદેશની વાતો કરે છે. એક ભાઈ વિનાકારણે કોઈકની નિંદા જ કર્યા કરે છે. તેના અનુસંધાનમાં પૂ. શ્રીએ કહ્યું,

અમે ગામડામાં ભણતા ત્યારે એવું સાંભળેલું,

ડીંગ ડીંગ ડીંગ
એક ડીંગની ટોળી
ડીંગ મારે પેલો,
કાળિયો કોળી.

આગળ યાદ નથી, પણ એવું છે એ ભાઇનું કામ. એમ કહી પૂ. શ્રી આરામમાંથી ઊભા થઇ હાથપગ મોં ધોઇને લેખન માટે બેસી ગયા. સર્વેશ્વરી પણ લેખનકાર્ય માટે બેસે છે. ત્યાર બાદ પ્રાર્થના કરી લે છે.

સવા છ વાગ્યે દ્વાર ખોલવામાં આવે છે. આજે મુલાકાતમાં બે–ત્રણ ભાઇબેનો નવા હતા. તેમાંના એક ભાઇ ભાવનગર પ્રવચનનો લાભ લેતા હતા, તેમને પૂ. શ્રીએ વિગતવાર માતાજીની માંદગી ને સેવાની વાતો કરી.

પૂ. શ્રી જ્યારે જ્યારે સર્વેશ્વરી વિષે વાતો કરવાની શરૂ કરે ત્યારે ત્યારે અતિ પ્રસંશાયુક્ત વાણીમાં એમનું વક્તવ્ય શરૂ થઇ જાય છે. એ જ રીતે આજે પણ સર્વેશ્વરીની સેવાની વાતો કરવામાં પૂ. શ્રીએ ઘણો સમય લીધો.

પાંદડુ સૂકાઇ જાય પછી પાંદડુ ક્યાં પડે છે તે બહુ મહત્ત્વનું નથી. તેમ બ્રહ્મજ્ઞાની(બ્રાહ્મી સ્થિતિ થયા પછી)નો દેહ ગમે ત્યાં પડે, તે બહુ મહત્ત્વનું નથી.

પૂ. શ્રીએ માતાજીની અંતિમ માનસિક અવસ્થા વિષે વાતો કરતાં ઉપરનું વાક્ય ઉચાર્યું.

સવા છ થી સાડા સાત સુધી પૂ. શ્રીએ એ જ બધી વાતો કરી, માતાજીનું પવિત્ર સ્મરણ કરી લીધું.



વળી પૂ. શ્રીને રામાયણ સ્મરણે ચઢયું એથી રામવિવાહની ચોપાઇનું કાવ્યગાન કરવા લાગ્યાઃ–

ગુરુવર બોલ્યા સુખ પામી,
પુણ્યાત્માને દુર્લભ નવ કાંઇ,
પૃથ્વી સુખથી ભરી એને માટે,
પામે શ્રી એ વાટે ને ઘાટે;
જેમ સરિતા સાગરમાં સમાય,
સિંધુને કામના ના જરાય,
ધર્મવાન પામે તેમ સુખ.

વીસ મીનીટ સુધી ચોપાઇનું ગાન કરાવ્યું. ત્યારબાદ સમય થતાં જ મુલાકાત બંધ થઇ. સૌ પ્રણામ કરી વિદાય થયા.

પૂ. શ્રી હળવો નાસ્તો લઇ ધ્યાનમાં બેઠા. સર્વેશ્વરી પણ ધ્યાનમાં બેઠાં ત્યાર બાદ આરામ.

**તા. ૭–૭–૮૧, મંગળવાર, અષાઢ સુદ છઠ, ૨૦૩૭**

સવારે નિયમ મુજબ કાર્ય ચાલુ જ રહ્યું. રાત્રે પણ નિયમ મુજબ મંત્રજપ થયા. આજે ભોજન બાદ મુલાકાતમાં આવનાર ભાઇબેનો સાથે પૂ. શ્રીએ માધવાનંદની વાતો કરી, જેઓ આબુમાં મળ્યા હતા.

સમય થતાં સૌ છૂટા પડયા. પૂ. શ્રીએ સરળગીતાની ભૂલો થોડીવાર સુધારી પછી આરામ કર્યો, આરામ બાદ લેખનકાર્ય શરૂ થયું. સર્વેશ્વરીએ પણ નોંધ કરી પ્રાર્થના પૂરી કરી.

સમયસર દ્વાર ખુલી જતાં પહેલાં પૂ. શ્રીએ સરળગીતાના નવ અધ્યાય સુધારી લીધા. આજે શ્રી દલાલ, ગુજરાત રાજ્યના માજી ચીફ સેક્રેટરી આવ્યા. તેમની સાથે પૂ. શ્રીએ માતાજીની

માંદગીની વિગતવાર વાતો કરી. ત્યાં વળી શ્રી ઈશ્વરભાઇ પેટલીકર પૂ. શ્રીને મળવા આવે છે. પ્રણામ કરીને તેઓ બેસે છે.

પૂ. શ્રીએ તેમને કહ્યું. આપે અધ્યાત્મમાં સારો લેખ લખ્યો.

ઈશ્વરભાઇ પેટલીકરે કહ્યું : ના, ના અધ્યાત્મમાં બહારનાનો પ્રવેશ એટલું નવું ગણાય.

અને પછી તેમણે પ્રશ્નો શરૂ કર્યા.

**પ્રશ્ન** : વિમલાતાઇના વિચારો વાંચીએ તો તેઓ કહે છે કે ધ્યાનમાં તમે વિચારો જોયા કરો પણ તેથી કાંઇ આત્માનું કલ્યાણ થાય?

**પૂ. શ્રી** : એમાં એક વાત બને છે કે વિચારો જોયા કરવામાં ક્યારે વિચારોમાં ડૂબી જવાય તે ખ્યાલ રહેતો નથી. વિચારો એ માદક પીણું બની જાય છે. વિચારોનાં દૃષ્ટા થવા માટે મનને પકડી રાખવાનું હોય છે.

પણ મનને આપણામાં વિલીન કરવા માટે તો મનને છૂટું મૂકવાનું છે.

શંકરાચાર્ય કહે છે. વિચારોના દ્રષ્ટા ન બનો, પણ ધ્યાનમાં આત્મવિચાર જ કરો. આત્મને લગતા આપણા વિચારો અવરોધક નહીં, બાધક નથી.

ઊલટું આત્મવિચારથી પ્રેરણા મળે, નવી શક્તિ મળે, મન શાંત સ્વસ્થ રહે છે.

યોગીઓની રીત પણ સારી છે. આત્મવિચાર કરો તો સારું પણ એ રીતે ન થાય તો શ્વાસને જોયા કરો. શ્વાસની ગતિ જોયા કરો તો મન શાંત થઇ જાય.

**પ્રશ્ન** : ગાંધીજીએ ધ્યાનસાધનાને બદલે પ્રાર્થના ને રામનામ



પર જ કેમ ભાર મૂક્યો હતો?

**પૂ. શ્રી** : ગાંધીજીનું જીવન સદાચારયુક્ત સાત્ત્વિક હતું. મેં પણ મારી સાધના દરમ્યાન પ્રાર્થના જ ખૂબ કરી હતી. કોઇ સિદ્ધપુરુષના દર્શનની ઇચ્છા થઇ તો પ્રભુને સીધી જ પ્રાર્થના "હે પ્રભુ મને સિદ્ધપુરુષનાં દર્શન કરાવોને!

પણ શરીર, મન ને બુદ્ધિથી આત્મદર્શન માટે થોડું ધ્યાનમાં બેસવું પણ જરૂરી છે.

એમ કહી પૂ. શ્રીએ પોતાને ધ્યાનમાં થયેલો જ્યોતિરૂપ આત્માના દર્શનનો અનુભવ કહી સંભળાવ્યો.

**પ્રશ્ન** : લોકોને જેટલી પૈસાપર શ્રદ્ધા છે એટલી પણ ધર્મની વાતો પર નથી.

પૂ. શ્રીએ એના જવાબમાં મુંબઇના શીલ્પીએ આપેલી 'સાંઇબાબા'ની મૂર્તિમાં થયેલા પ્રકાશદર્શનના અનુભવની વાતો કરી.

શ્રી પેટલીકરે સર્વોદયવાળા શ્રી કાન્તાબેનના હાથમાંથી કંકુ ને સુગંધની વાતો કરી.

તો વળી પૂ. શ્રીએ દેવપ્રયાગના એક બેનની વાત કરી (જે સંત સૌરભમાં છે.)

આ બધા અનુભવો થાય પણ તેની અસર આપણા વ્યવહારપર જીવનપર થવી જોઇએ. ભક્તિભાવ વધે કે નહી તે જરૂરી છે. સાત્ત્વિકતા વધે, શાંતિ રહે તો સારી વાત છે.

એમ કહી પૂ. શ્રીએ સરોડાના સાપ ઉતારતા મોતીભાઇની વાત કરી.

**શ્રી ઈશ્વર પેટલીકર** : કેદારનાથજી અધ્યાત્મમાં ખાસ માને નહીં, પણ નાનપણમાં કોઇએ મંત્ર આપેલો, તેના આચાર

પાળવાના આપેલા, તો તે મુજબ તેઓ સાપ કરડે તેને ઉતારી શકતા. તેઓ બધું ભ્રાન્તિ જ છે એમ દર્શન માટે માનતા.

**પૂ. શ્રી :** પોતાને અનુભવ ન થાય એટલે એ બધું નથી એવું શા માટે માનવું?

જૈનધર્મના સ્યાદવાદની જેમ એમ પણ હોઇ શકે, આમ પણ હોઇ શકે, એવા વિશાળ વિચારો ધરાવવા જોઇએ.

અને એ વાત પણ છે કે એવા અનુભવોનો ચસ્કો પણ ન લાગવો જોઇએ.

અરે, હમણાંનો જ એક અનુભવ આબુમાં થયો તે વાત તમે કરી સંભળાવો. સર્વેશ્વરી તરફ પૂ. શ્રી આંગળી ચીંધીને પૂ. શ્રી સૂચના આપે છે.

સર્વેશ્વરી શ્રી મોહનભાઇ પટેલના એ અનુભવની વાત સૌને કહી સંભળાવે છે.

**શ્રી પેટલીકર :** હું હમણાં આપનું બ્રહ્મસૂત્ર વાંચુ છું. તમારા આટલા બધા પુસ્તકો સસ્તુસાહિત્યની સંસ્થા છાપે તો વિશેષ પ્રચાર થાય.

**પૂ. શ્રી :** મેં વરસો પર એમને બ્રહ્મસૂત્ર બતાવેલું, પણ તેઓએ શંકરભાષ્ય વિશે લખી આપો એમ કહેલું. જી. ડી. અમીન શીરડી જઇ આવ્યા તે અંગે પૂ. શ્રીએ ગોદાવરીમાતા, ઉપાસની બાબા ઇન્દીરાદેવી, કૃષ્ણાબાઇ, આનંદમયી માતા વિગેરેની વાતો કહે છે.

સમય થતાં સૌ છૂટા પડે છે.

પૂ. શ્રી હળવો નાસ્તો લઇ ધ્યાનમાં બેઠા બાદ આરામ કરે છે.

(ક્રમશઃ)



અકસ્માતમાંથી ઉગરી ગયા પછી

# પૂ. માના દર્શનનો પ્રથમ મહોત્સવ

નારાયણ હ. જાની

તા. ૨૨ નવેમ્બર, ૯૮ કપૂરામાં આજે ભારે ઉત્સવનો માહોલ છે. અરે, આગલા દિવસની રાતથી જ વાહનો આવવાની શરૂઆત થઇ ગઇ છે. અને તા. ૨૨ મીના અગિયાર સુધીમાં તો ગામનો ચોક મોટી મોટી બસો અને કેટલીય ગાડીઓથી ખીચોખીચ ભરાઇ જાય છે. તો આજે અહીં છે શું?

કોઇ મોટા માણસના ઘરનો અવસર છે? લગ્નસમારંભ કે નેતાના સન્માનનો કોઇ સમારંભ છે! ના ભાઇ ના. આજે અહીં ફક્ત પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને તા. ૨૧–૯–૯૮ ના રોજ વડોદરાથી અમદાવાદ જતાં–રસ્તામાં નડેલ અકસ્માત પછી પૂ. મા આજે શ્રી યોગેશ્વર પરિવારના સત્સંગીઓને પહેલીજ વાર દર્શન આપવાનાં છે. આ માટે ન તો કોઇ કાર્ડ થપાવ્યાં છે કે ન તો કોઇ નિમંત્રણ પત્રિકા કે અખબારમાં જાહેરાત છપાવી છે. છતાં સાધક ભાઇબહેનોના મનમાં પૂ. માનાં દર્શન કરવાની ઉત્કટ ઇચ્છાના પરિણામે એક બાજુ છેક હરિદ્વારથી તો બીજી બાજુ મુંબઇ અને ગુજરાતના બધાં જ નાના મોટાં શહેરોમાંથી હજાર કરતાં વધારે ભાઇબહેનો આ નાનકડા ગામમાં ખાનગી બસો, મોટરો, મેટાડોરો–કે અંગત વાહનોમાં આવી ગયા છે.

તો બીજી બાજુ પૂ. મા શ્રી સર્વેશ્વરીના પૂર્વાશ્રમના વડીલબંધુ શ્રી વામનભાઇ ભક્ત તથા શ્રીગંગાબેને સર્વે સાધક ભાઇબહેનોને

સરસ મિષ્ટાન્ન ભોજન જમાડવાની વ્યવસ્થા પણ કરી દીધી છે. અને ગામના ભાવિક ભાઈબહેનોએ તેમાં સરસ સાથ પૂરાવ્યો છે. શ્રી વામનભાઈને પૂ. મા આ જીવલેણ અકસ્માતમાંથી ઉગરી ગયાં ને હવે થોડાં ચાલતાં થયાં, તેથી સાધકોને અહીં તેડાવી તેમને પૂ. માનાં દર્શન કરાવવાની ભાવના થઈ. તેના ભાગરૂપે આ ભોજન સમારંભ પણ યોજાયો છે. તેમાં સમગ્ર કપૂરા ગામના રહીશોને પણ ભોજનનું નિમંત્રણ છે.

આજે કપૂરા ગામના ભક્તસમાજના પરિવારોનાં ઘરો મહેમાનોથી ઉભરાઈ રહ્યાં છે. આજ ગામમાં પૂ. મા હોવા છતાં તેઓમાંના મોટાભાગનાં ભાઈબહેનો પૂ. માનાં દર્શન પહેલીવાર જ પામવાનાં છે. તેઓને તેનો પણ આનંદ છે.

ભોજનબાદ બપોરે એક વાગ્યા પછી પ્રાથમિક શાળાના પટાંગણમાં ખાસ ઊભા કરવામાં આવેલ મંડપમાં–પૂ. મા ઉપસ્થિત રહી દર્શન આપવાનાં છે. બધાંઓને દર્શન સારી રીતે થઈ શકે તે માટે પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના સ્વરૂપ અને પૂ. મા માટે સ્ટેજ ઉપર બેઠકો ગોઠવવામાં આવી છે.

એક વાગ્યા પહેલાં જ આખોય મંડપ–સાધક ભાઈબહેનોથી ખીચોખીચ ભરાઈ ગયો છે. શિસ્તબદ્ધ રીતે સહુ ગોઠવાઈ ગયા છે. સહુને પૂ. માના દર્શનની ઉત્સુકતા છે. તેમની ઇંતેજારી તેમની આંખોમાં અભિવ્યક્ત થઈ રહી છે.

બરાબર સવા વાગે ધીમે પગલે પૂ. મા પધારી રહ્યાં છે. તેમના ડાબા પગે ઈજા છે એટલે એ પગ પર હજી વજન દઈ ચાલી શકાતું નથી. પૂ. મા પૂ. ગુરુદેવના સ્વરુપને પુષ્પમાળા પહેરાવી–પોતાની બેઠક લે છે. પરંતુ આજે તેઓએ ખૂબ



સાવધાનીથી સ્ટેજ ઉપર ચઢવું પડે છે. પૂ. માના શરીરની આ તકલીફ જોઈને ઘણા સાધકોની આંખો ઊભરાઈ આવે છે.

કપૂરાની બાળાઓ પૂ. માનું ફૂલોથી અને અભિનય ગીતથી સ્વાગત કરે છે.

આજે પૂ. મા સાથે અકસ્માતવાળા વાહનમાં મુસાફરી કરનાર શ્રી ભગવાનજીભાઈ ભક્તે જણાવ્યું કે તા. ૨૧–૯–૯૮ ના રોજ એ. સી. ગાડીમાં વડોદરાથી નીકળ્યા પછી આણંદ નજીકના મોગર ગામે અચાનક અકસ્માત સર્જાયો. અમને આ કેમ બન્યું તે ખબર ન પડી. ગાડીના આગળના અને દરવાજાના કાચો તૂટી ગયા. એક્ષલ, વીલ ને સાયલેન્સર પણ તૂટી ગયાં અકસ્માતની ગાડી જાનારા સૌ કહે છે કોઈ જ ના બચ્યું હોય. પૂ. મા ડ્રાયવર પાછળની સીટ પર બેઠેલાં. બધા જ કાચ–પાસે બેઠેલા અમારા ઉપર નહિ પડતાં પાછળ બેઠેલા પૂ. માના શરીર ઉપર જ જાણે એકત્રિત થઈ ગયા જણાયા અને પૂ. માને વાગ્યા પણ ખરા. પૂ. માના બન્ને પગે ઈજાઓ થઈ. આ કેમ બન્યું તે સમજાયું નહિ.

પૂ. માને વડોદરા લાવવામાં આવ્યાં અને શ્રી જીતુભાઈ અને ભરતભાઈએ જરૂરી દાક્તરી સારવારનો તાત્કાલિક બંદોબસ્ત કર્યો. આ સમયસરની યોગ્ય સારવાર અને શ્રી જીતુભાઈ પરિવારની ખૂબ ચોક્સાઈ અને પ્રેમભરી સારસંભાળને લીધે પૂ. માને ઘણી રાહત રહી. આવા પીડાદાયક જીવલેણ અકસ્માત પ્રસંગે પણ પૂ. મા ખૂબ જ સ્વસ્થ અને પ્રસન્ન જણાતાં. આ આખી દુઃખદ ઘટનાને પણ પ્રભુના કૃપાપ્રસાદ તરીકે તેઓએ સ્વીકારી લીધી. ન કોઈ ફરિયાદ કે ન કોઈ પીડાની આહનો ઉદ્‌ગાર. એ જ મૌન અને એ જ પ્રસન્નતા. દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત! તેનું પ્રત્યક્ષ ઉદાહરણ સામે જ જોવા મળ્યું.

અમને એ ન સમજાયું કે આગળના ભાગમાં બેઠેલાં અમો બેને ખાસ કોઇ ઇજા ન થઇ, જ્યારે પાછળ બેઠેલા પૂ. માને આવી ભારે ઇજાઓ શી રીતે થઇ કે પછી પૂ. માએ અમો સહુની એ આફતને પોતે પોતાના શરીરપર ઓઢી લીધી? અમને તો એમ જ લાગ્યું.

શ્રી સુશીલાબેન ભક્તે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે આ આખી ઘટના પછી પૂ. માને શારીરિક પીડાઓ તો ઘણી હતી. ચાલી શકાતું નહિ. અરે, બેસવામાં પણ પૂ. માને મુશ્કેલી પડતી. કેટલાય દિવસ સૂઇ રહેવું પડયું. છતાં પ્રભુની આરાધનાના નિયમો તેમનાથી સચવાયા. જમણા હાથે કાચ વાગવાના લીધે સોજો હતો, છતાં સો માળાઓ કરાતી. આ બધું પૂ. માની તપશ્ચર્યાના મનોબળનું પરિણામ હતું, તે અમે જોઇ શક્યાં.

હવે પ્રણામ થઇ શકતા નહિ. તો પૂ. માએ એ સમાધાન સ્વીકારી લીધું કે હવે પ્રભુને સ્થૂલ પ્રણામોની આવશ્યકતા નહિ હોય એટલે પૂ. માએ માનસિક પ્રણામોનો આરંભ કરી દીધો. સૂતાં સૂતાં પણ અગરબત્તીઓ વડે પૂ. ગુરુદેવની માનસપૂજા તેઓ કરી લેતાં. પૂ. માએ આવી પરિસ્થિતિમાં પોતાના જન્મદિવસ ૧૩ નવેમ્બરે સંપૂર્ણ એકાંતમાં રહી, એક દિવસમાં એક લાખ જપનો નિયમ પણ પાળ્યો. એમના અલૌકિક મનોબળ અને દેહાધ્યાસની સંપૂર્ણ નિવૃત્તિ સિવાય આ કેવી રીતે શક્ય બની શકે?

શ્રી યોગેશ્વર પરિવારના શ્રેષ્ઠ પ્રતિનિધિ બનીને સેવાનું સદ્ભાગ્ય જેમણે દીપાવ્યું તે શ્રી જીતુભાઇ પરિવાર સાચે જ સૌ માટે ગૌરવ લેવા જેવો ને સેવાનો સર્વોત્તમ પદાર્થપાઠ ધરે તેવો છે. તેમને અભિનંદન, ધન્યવાદ.



આ આખો કાર્યક્રમ એકધારો ચાર કલાક ચાલ્યો. તે પછી પૂ. માએ દરેક સાધકને પોતાના હાથે પ્રસાદનું વિતરણ કર્યું. બારસો સાધકોને પ્રસાદ વહેંચતાં પૂ. માના હાથ થાકી જાય એ સ્વાભાવિક હતું. છતાં પૂ. મા દેહાધ્યાસથી ઉપર ઊઠી આ બધો વ્યવહાર કરી રહ્યાં જણાતાં.

આ પ્રસંગે અન્ય વક્તાઓમાં શ્રી દવે બાપુ, શ્રી હસુભાઇ ભક્ત, શ્રી આશાબેન ભક્ત, શ્રી જાગાણીભાઇ, શ્રી નારાયણભાઇ જાની, શ્રી કલ્યાણ વગેરેનો સમાવેશ થતો હતો. શ્રી જયશ્રીબેન વોરા અને મીનાક્ષીબેન, નીરૂબેન વગેરેએ પણ ગીત, ધૂન રજૂ કર્યા હતાં. સહુએ પૂ. મા પૂર્વવત્ સ્વસ્થ થઇ જાય તે માટે અંતરની લાગણીઓ પ્રદર્શિત કરી, આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હરિભાઇ ભોજાણીએ કર્યું.

પૂ. માને એ જોઇ ખૂબ સંતોષ થયો કે કાર્યક્રમ લાંબો ચાલ્યો છતાં, સહુએ ખૂબ સરસ શિસ્ત જાળવી. તેમ જ પૂ. માની સૂચના મુજબ કોઈએ પણ પૂ. માને અંગત રીતે મળવાનો કોઈ પ્રયાસ ન કર્યો. આગ્રહ ન રાખ્યો.

આ સમારંભમાં રાજકોટના શ્રી શાન્તિભાઇ કનેરિયાને તેઓ-ની અંબાજી ખાતે સ્વર્ગારોહણમાં બાંધકામની સર્વશ્રેષ્ઠ સેવાઓ આપવા બદલ એક અભિનંદનપત્ર તેમ જ શાલ ઓઢાડવાનું જાહેર કરવામાં આવ્યું હતું. શ્રી શાન્તિભાઇની અનુપસ્થિતિમાં પૂ. માએ આ પ્રશસ્તિપત્ર તેઓના પુત્ર શ્રી વિજયભાઇ કનેરિયાને અર્પણ કરી, પોતાના હાથે તેમને શાલ ઓઢાડી હતી.

### શિસ્ત જાળવી છે, તેવી જાળવજો

હજી પૂ. માને આરામની ખૂબ આવશ્યકતા છે એટલે પૂ. માને

કોઇ પણ પ્રકારનો વિક્ષેપ ન પહોંચે તે જરૂરી છે. પૂ. માને કોઇ સાધકનું કામ હશે તો તેઓ તેને વ્યક્તિગત રીતે સંદેશો મોકલી, બોલાવશે. તેની સહુએ નોંધ લેવી. વગર બોલાવ્યે કોઇ પૂ. માને મળવા જવાની ચેષ્ટા ના કરે તેવી વિનંતી છે.

— તંત્રી

▭

આજના ઝડપી યુગમાં, જે સમયનો સદુપયોગ કરીને, આત્મિક કલ્યાણ માટે જાગ્રત બની પ્રયત્નશીલ બની જાય છે તે વહેલો કે મોડો, સફળતાને પામે જ છે એમાં શંકાને સ્થાન નથી. યોગેશ્વર

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
:– બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨



# અકસ્માતની વિશેષતાઓ

મા સર્વેશ્વરી

## ભૌતિક વિશેષતાઓ

૧. અકસ્માત પછી બીજી જ ક્ષણે સૌની સતત સહાય મળે છે.

૨. કાચથી છવાયેલા માર્ગે ઉઘાડા પગે મા ચાલે છે છતાં એક પણ કાચ વાગ્યો નથી.

૩. આંખમાં પણ કાચ હતા. દાંતમાં પણ કાચ હતા છતાં રક્ષા થઇ.

૪. હર્ષાબેનની પ્રાથમિક સારવાર તરત જ મળે છે.

૫. બલ્ડપ્રેસર નોરમલ જ રહ્યું.

૬. બલ્ડ રીપોર્ટ નોરમલ–હીમોગ્લોબીન ૧૨ ટકા હતું.

૭. શરીર ઉપર જે કાચના ઘા હતા ને જ્યાંથી લોહી વહેતું હતું તે સઘળા ઘા આપોઆપ ધીમે ધીમે સૂકાઇ ગયા.

૮. ત્રણ માસ પ્લાસ્ટરની સજામાંથી મુક્તિ મળી, ફક્ત ત્રણ અઠવાડિયા જ પ્લાસ્ટર રહ્યું. પ્લાસ્ટર દરમ્યાન ચાંદા ના પડયાં. ખંજવાળ પણ ના આવી.

૯. ઓપરેશન દરમ્યાન ડોક્ટરને છ બાટલા ગ્લુકોઝની જરૂર જણાતી હતી તે તૈયાર પણ હતા પરંતુ છ બધા બાટલાની જરૂર ના પડી.

૧૦. ઓપરેશન દરમ્યાન ઓક્સીજન કે લોહી આપવાની

જરૂર ના પડી.

૧૧. અકસ્માત પછી કે ઓપરેશન પછી પણ તાવ આજ સુધી આવ્યો નથી. માથુ પણ દુઃખ્યું નથી ને બેચેની, ગભરામણ કે ઊલ્ટી પણ થઇ નથી. આરોગ્ય સ્વસ્થ રહ્યું.

૧૨. એક પણ ઘા પાક્યો નથી.

૧૩. શ્રી જીતુભાઇ પરિવારના ભરતભાઇ ને હર્ષાબેનની વંદનીય શ્રેષ્ઠ અલૌકિક સેવાથી મા સર્વેશ્વરી સ્વસ્થતા પ્રાપ્ત કરી શક્યા છે.

## આધ્યાત્મિક વિશેષતાઓ

૧. પ્રાર્થના સાંભળી છે.

અનંત જન્મોનાં અપરાધોની સજા હે પ્રભુ આપ અમને આપતા નથી. એ વિચારો જ જાણે સજાની માંગણી કે પ્રાર્થના બની ગઇ ને તરત જ તે પ્રાર્થના સંભળાઇ અને અકસ્માત થયો.

૨. અકસ્માતની ક્ષણોમાં ભગવાન શ્રી કૃષ્ણ મુકુટ ને વાંસળી-નો તરત જ ત્યાગ કરીને જાણે દોડી ગયા હોય તે રીતે સ્વરૂપમાં આડા ઢાલ બનીને સૂઇ ગયા.

પ્રભુએ પોતે પોતાના સ્વરૂપ ઉપર સઘળું સ્વીકારીને સૌની રક્ષા કરી.

૩. અકસ્માતની બીજી જ ક્ષણથી મન ૐ યોગેશ્વરાય નમઃ મંત્રજપમાં જોડાઇ શક્યું.

૪. આ ઘટના માટે ફરિયાદ કે પ્રભુમાં અશ્રદ્ધા ના જાગી. અકસ્માતથી ખરેખર તો શ્રદ્ધા વધી.

૫. 'મા'ને મૌનવ્રત છે. 'મા'ને ઉપવાસ છે. 'મા' ફળાહાર જ



કરે છે. 'મા' અન્ન લેતાં નથી. 'મા'એ છેલ્લા ૧૫ વર્ષથી એક પણ દવા, ઈંજેક્શન, મલમ શરીર પર લીધાં નથી. આ સઘળી વાતોનો ડો. મનોજભાઇ દેસાઇએ સ્વીકાર કર્યો. એ વાતોનો વિરોધ ના કર્યો. પરિણામે નિયમોનું પાલન ચાલુ રહ્યું.

૬. જમણા હાથની હથેળી ઘાથી ભરાયેલી હતી છતાં અકસ્માતના બીજા જ દિવસથી મંત્રજપ માળા સાથે થઇ શક્યા.

૭. અકસ્માતની ક્ષણે પણ મૌનવ્રતનો ભંગ થયો નથી.

૮. ઓપરેશન દરમ્યાન ઉઘાડી આંખે 'મા' મંત્રજપ સાથે આખું ઓપરેશન જોઇ શક્યાં. પ્રભુ જ પોતે જાણે હિંમત સ્વરૂપે ત્યાં હાજર થયા.

૯. દરરોજ ૧૦૦ માળાનો નિયમ હોસ્પીટલમાં પણ ચાલુ જ રહી શક્યો છે.

૧૦. દરરોજ જે નિત્યપાઠ, માળા, પ્રાર્થના થતી તે પણ અતિનિયમિત ચાલુ જ રહી. દરરોજની નિત્યનોંધનું ડાયરી લેખન પણ ચાલુ જ રહ્યું.

૧૧. ફળાહારનો નિયમ ચાલુ જ રહ્યો છે.

૧૨. શારીરિક પ્રણામને બદલે હોસ્પીટલમાં સૂતાં સૂતાં ૧૬૧ કે ૨૦૦ માનસિક પ્રણામ સવારે પંચસ્નાન કરીને પછી જ દૂધ કે જ્યુસ લેવાનો નિયમ પાળી શકાયો.

૧૩. ઓપરેશન પછીની અતિ તીવ્ર વેદનાની ક્ષણોમાં પણ મન પ્રભુપરાયણ રહી શક્યું ને વેદનાની એ ક્ષણોમાં બે નવાં પદ–પ્રાર્થના પણ સૂતાં સૂતાં લખી શકાઇ.

૧૪. ૧૩ નવેમ્બર ૧૯૯૮ 'મા'નો જન્મદિન છે. એ દિવસે

'મા' કપૂરામાં જ હતાં. અકસ્માત પછી પહેલીવાર એકાંતમાં બંધ બારણે નિર્જળા વ્રત કરીને ૧ લાખ જપ કરી શક્યાં. એટલે દર વરસે ૧૩ નવેમ્બરે નિર્જળાવ્રત ને એકાંતનો ૧ લાખ જપનો નિયમ આ વર્ષે પણ પાળી શકાયો.

૧૫. ૧૯૯૮ નો નવરાત્રીનો મંગલ મહોત્સવ સૌ ભક્તો અંબાજી સ્વર્ગારોહણમાં ઉજવતા હતા. ત્યારે એ ઉત્સવ પૂ. શ્રી ગુરુદેવપ્રભુએ ગુજરાતનાં રાજમાર્ગ પર ઉજવ્યો.

મા સર્વેશ્વરીના જીવનમાં તા. ૨૧ સપ્ટે. ૧૯૯૮ ના નવરાત્રિના પ્રથમ દિવસે પૂ. શ્રી ગુરુદેવ પ્રભુએ પ્રાણ પૂર્યો નવું જીવન ધરી પ્રાણપ્રતિષ્ઠા કરી.

અને મંદિરમાં નવરાત્રિમાં જેમ લાલ ચૂંદડી માતાજીને અર્પણ કરે તેવી જ પણ સાચી અસલી રક્તરંગી ચૂંદડી 'મા' સર્વેશ્વરીને પણ ૨૧ સપ્ટે. અચાનક અર્પણ કરીને પોતાની સમર્થ રક્ષક શક્તિનો પૂ. યોગેશ્વર પ્રભુએ જનસમાજને પરિચય પ્રદાન કર્યો છે.

૧૬. અકસ્માતની આ લીલા પૂ. શ્રી ગુરુદેવ પ્રભુની છે પોતાની અતિ પ્રિય સ્વજન બનાવીને સૌથી વધુ વેદનાની પ્રસાદી ધરીને પૂ. શ્રી ગુરુદેવ પ્રભુએ 'મા' સર્વેશ્વરીનો જનસમાજ વચ્ચે સ્વીકાર કરીને આ અમારી અલૌકિક મૂડી છે એ સત્યને પ્રકાશિત કર્યું છે.

## રક્ષા કોણે કરી?

તા. ૨૧ સપ્ટેમ્બરે 'મા' હંમેશની જેમ પૂ. શ્રીના સ્વરૂપ સાથે સીટ ઉપર બેઠાં છે.

ગાડી ચાલે છે ને અકસ્માત થાય છે. 'મા' તો કોઇ અજ્ઞાત સ્થિતિમાં પ્રવેશ પામે છે. જેમાં કોઇ અવાજ, દૃશ્યો, ઘટનાની



જાણ થતી જ નથી. પરમ શાંતિ હતી.

લોકોના અવાજથી જાગ્રત થતાં જ સીટ ઉપર સ્વરૂપવાળું મંદિર 'મા' શોધે છે.

મંદિર દેખાતું નથી. અકસ્માતના ધક્કામાં તે પથારીમાં અંદર વીંટળાઇ ગયું હતું. શોધીને 'મા' મંદિર સાથે જ રસ્તા પર આવે છે. વડોદરા આવતાં પણ મંદિર તો સાથે જ છે.

વડોદરા ઉપરના ઓરડામાં બેઠક ઉપર એ મંદિર પધરાવીએ છીએ ત્યારે ધ્યાનથી જોવાનું બને છે.

શ્રી કૃષ્ણ પ્રભુને તથા પૂ. શ્રીને કોઇ ઇજા તો નથી થઇને?

અને ધ્યાનથી જોયું તો આશ્ચર્ય થયું. મંદિર તો તૂટેલું હતું. અંદર શ્રી કૃષ્ણ પ્રભુ પોતાના મુકુટ ને વાંસળી છોડીને પૂ. શ્રીના શ્રી ચરણોમાં આડા સૂઇ ગયા હતા.

પૂ. શ્રી તો ઊભા જ હતા. તેઓને પણ બંને કાન ઉપર ઇજા થઇ હતી. આખા શરીરે કાચની કચ્ચર લાગી હતી. મંદિર તો એના કાપડના કવરને લીધે તૂટેલી સ્થિતિમાં પણ સચવાયેલું હતું.

આ દૃશ્યદ્વારા પ્રભુ શું કહેવા માંગે છે?

મુકુટ ને વાંસળી અકસ્માત થતાં જ તરત જ છોડીને શ્રી કૃષ્ણપ્રભુ કોની રક્ષા કરવા દોડી ગયા?

ઢાલ બનીને ક્યાં સૂઇ ગયા?

શ્રી કૃષ્ણપ્રભુ રક્ષાનું અલૌકિક કાર્ય કરીને પૂ. શ્રીને જાણે નિવેદન કરવા શ્રી ચરણે ઢળ્યા?

શ્રી કૃષ્ણપ્રભુના મુકુટને વાંસળી તો વડોદરા હર્ષાબેને પાછળથી સરસ રીતે સાંધી દીધાં.

મંદિર તો તૂટી ગયું હોવાથી શ્રી વિનોદભાઈએ અમેરીકાથી મંદિર નવું મોકલ્યું.

એટલે આજે આ મંદિર જુઓ છો તે નવું છે. પરંતુ શ્રી હરિનાં બંને સ્વરૂપો તો અકસ્માત લીલાનાં જ છે.

ધ્યાનથી દર્શન કરો તો બંને સ્વરૂપોની વિશેષતાનો ખ્યાલ આવશે.

અકસ્માતમાં રક્ષા કરીને શ્રી કૃષ્ણપ્રભુ તો કદાચ અન્ય ભક્તોની વહારે ચઢવા ફરી ક્યાંયેક દોડયા પણ હોય પરંતુ પૂ. શ્રી તો અહીં જ સ્થિર હતા છે ને રહેશે.

અકસ્માત સ્થળેથી સતત પૂ. શ્રી અમીદૃષ્ટિ ધરતા ઊભા જ છે.

૧. વરસોથી અમારી શ્રીકૃષ્ણકીર્તનની પ્રાર્થનાનો જાણે પ્રત્યુત્તર ૨૧ સપ્ટેમ્બરે શ્રી કૃષ્ણપ્રભુએ આપી દીધો હોય એવું લાગે છે.

અકસ્માત લીલાનાં આ બંને સ્વરૂપો અલૌકિક ઐતિહાસિક મહા મોંઘાં સંભારણાં છે.

૨. આ મંદિર અને આ સ્વરૂપો જીવંત છે. રક્ષા કરી શકે તેવાં સમર્થ છે. એવી વરસોથી 'મા'ની જે અનુભૂતિ છે. તેની પણ આ ઘટના પ્રતીતિ કરાવે છે.

૩. પોતાના સ્વરૂપ ઉપર સઘળું સ્વીકારીને–ઝીલીને સૌનું સંકટ ટાળ્યું છે. એ વાતની પણ આ પ્રતીતિ છે.



## * વિવેક *

કીડી કરે છે ઘર ધૂળ માંહી,
છતાં ડીલે ના ધૂળ લાગવા દે.
ધૂળે ભળેલા કણ શર્કરાના,
વિવેકથી સર્વ સુખે ગ્રહી લે.

## * ભેરુ *

માન્યું હતું જગતમાં બલવાન કામઃ
કિન્તુ રજેય કમ ના બલ ક્રોધ કેરું!
બંનેયથી અધિક લોભઃ કલંક નામઃ
છે વાસ્તવે ત્રિ–પુટી એકબીજા શું ભેરુ!

## * અનુભવ *

મેં મૈત્રીનું મૂલ્ય પ્રમાણ્યું ત્યાગે,
સૌ દુઃખનું મૂળ જ અન્ધ રાગે.
સત્કાર્યનો ધ્વંસ લહ્યો પ્રમાદે,
સૌહાર્દનો નાશ ઝનૂની વાદે.

## * કહે, શું મળવાનું? *

બધી આ ખટપટોને અન્તે,
'અનામી' કહે, શું મળવાનું?
જીવનના અંતકાળે શું,
પ્રભુને યાદ ધરવાનું?

— ડો. રણજિત પટેલ (અનામી)

# પ્રાકટ્ય પર્વોત્સવ

કલ્યાણ

પરમ શક્તિ મા સર્વેશ્વરીનું ૫૬ મું પ્રાકટ્ય પર્વ શ્રી મા સર્વેશ્વરી તીર્થમાં પરમ પ્રેમથી મઘમઘતા વાતાવરણ વચ્ચે પૂ. માના બાળકોદ્વારા હર્ષોલ્લાસથી છલકાતાં હૈયા સાથે ભારે ધામ-ધૂમથી ઉજવાઇ ગયું! એ પ્રેમોત્સવનું વર્ણન અહીં શબ્દોમાં શક્ય નથી.

આજના પ્રાકટ્ય પર્વનિમિત્તે વહેલી સવારના છ વાગ્યા થી જ શ્રી પંડિતજીના આચાર્યપદે પવિત્ર યજ્ઞકાર્ય આરંભાઇ ગયું હતું! પવિત્ર મંત્રગાન સાથે યજ્ઞકુંડમાંથી નીકળતી પાવક જ્વાળા-ઓ સાથેની ધૂમ્રસેરોથી મા સર્વેશ્વરી તીર્થના અણુએ અણુમાં પવિત્રતાનો પ્રકાશ પથરાઇ ગયો હતો! નવ યજ્ઞકુંડો ફરતે પૂ. માના બાળકો વીંટળાઇને વિવિધ સમિધોદ્વારા 'ૐ મા સર્વેશ્વરી યોગેશ્વરાભ્યામ્ નમઃ સ્વાહા.'ના મહામંત્રદ્વારા આહુતિઓ અર્પણ કરતા હતા. એ પાવન દૃશ્ય એટલું તો મનોહર લાગતું હતું કે જાણે પ્રાચીન નૈમિષારણ્યની પવિત્ર યજ્ઞભૂમિ ખડી થઇ ન ગઇ હોય! આજના પ્રાકટ્ય પર્વનું પ્રભાત યજ્ઞની પાવક જ્વાળાઓની ઉષાથી સુશોભિત થઇ ઊઠયું હતું! પૂ. માના બાળકોના હૈયામાં પ્રકટી ચૂકેલા પ્રેમયજ્ઞમાં પ્રેમપોકારોની પાવકજ્વાળાઓ નિરંતર ઊઠયા કરે છે! આ પાવક જ્વાળાઓમાં પૂ. માને પ્રકટતાં જોવાનો આ અનુપમ અલૌકિક અવસર હતો!

યજ્ઞ પછી પૂ. મા અને શ્રી યોગેશ્વરપ્રભુની મંગલા આરતી



થઇ. મંગલમય વાતાવરણ વચ્ચે બધું જ મંગલ મંગલ લાગી રહ્યું હતું. સવારનો સમૂહયજ્ઞ અને સમૂહ આરતી જાણે ઋષિઓના સમૂહદ્વારા કરાતા ઈશ્વર સ્તવનને સાકાર કરતું હતું! પ્રભાતનું મા સર્વેશ્વરીતીર્થનું આ મંગલાદર્શન પૂ. માના બાળકોને માતૃવાત્સલ્ય-પાનની દક્ષિણા આપતું ગયું!

સત્સંગની બીજી બેઠક સંકીર્તનની હતી. વડોદરાથી આવેલાં પૂ. માના બાળકોએ સંકીર્તનદ્વારા ભજનરસથી સૌનાં હૈયાને જાણે છલકાવી દીધાં! શ્રી નીલેશકુમાર, મીનળબેન તથા જયશ્રીબેને ભાવવાહી ભજનો અને ધૂનોથી સૌને ભાવવિભોર કરી દીધા!

સાધકોના વક્તવ્યોના કાર્યક્રમમાં આ વખતે શ્રી નારાયણ-કાકાની ખોટ સૌને સાલી, કારણકે નાદુરસ્ત તબિયતને લીધે તેઓ આવી શક્યા ન હતા! તેમ છતાં આ કાર્યક્રમ માણવાની પણ સૌને મજા પડી! શ્રી હરિએ પૂ. મા અને શ્રી યોગેશ્વરપ્રભુના સરસ કૃપાપ્રસંગો કહ્યા. શ્રી પંડિતજીએ પૂ. માના ઉમદા માનવીય ગુણોનું દર્શન ઉદાહરણ સાથે કરાવ્યું. શ્રી બાબુભાઇએ ટ્રસ્ટદ્વારા યોજાયેલા બે સફળ મેડિકલ કેમ્પોની ઉપયોગિતાની વાત કરી અને ભવિષ્યમાં યોજાનારા મેડિકલકેમ્પમાં સૌને સહકાર આપવા તૈયાર રહેવા જણાવ્યું. હવે પછી, પૂ. મા અને પૂ. યોગેશ્વરપ્રભુના લોકસેવાના આદર્શને સાકાર કરવા સૌને કટિબદ્ધ બનવા હાકલ કરી. શ્રી કલ્યાણે પૂ. માના અકસ્માતલીલાના પ્રસંગોની વાતો કરી.

અગિયારથી બાર સુધી કેનેડામાં તૈયાર થયેલી પૂ. શ્રીની વિડિયો કેસેટ બનાવવામાં આવી. કેટલાય નવા ભક્તોએ પહેલી જ વખત પૂ. શ્રીના પ્રકટ સ્વરૂપના દર્શન પામી ધન્યતાનો અનુ-ભવ કર્યો. પૂ. શ્રીના આજના પ્રવચનમાં અનન્ય ભક્ત અને

ભક્તિનાં લક્ષણો પોતાની આગવી રમૂજી શૈલીમાં વર્ણવી સૌને અનન્ય ભક્તિપંથનું પ્રેરક ભાથુ બાંધી આપ્યું! પૂ. શ્રીએ કહ્યું, "જેમ મેઘના વાદળ જોઇને મોર અને પૂનમના ચંદ્રને જોઇને સાગરને જે ભાવની મસ્તી ચડે છે, તેવો ઉમંગ અને ઉત્સાહ ભક્તને ભગવાનના નામમાત્રથી પ્રગટી ઊઠવો જોઇએ. ભક્તને ભગવાન સિવાય બીજું કંઇ નજરમાં આવતું નથી. ભક્તની આંખના, કાનના અને વાણીનો એકમાત્ર વિષય ભગવાન જ હોવા જોઇએ. જે ભક્તિમાં ભગવાન સિવાય બીજું કાંઇ પણ ન હોય તેને અનન્ય ભક્તિ કહેવાય."

બપોર પછી ૩ વાગ્યે બીજી સત્સંગની બેઠક સંકીર્તનથી શરૂ થઇ! આ બેઠકમાં રાજકોટના શ્રી ઠાકુરના પ્રેમીભક્ત શ્રી જીતુભાઇએ માતૃમહિમાનાં ભજનો પોતાના ભાવવાહી મધુર કંઠે રેલાવીને સૌને ભાવની અનેરી દુનિયામાં લઇ ગયા! એક પછી એક ભજનો ગવાતાં ગયાં અને એ ભજન સરિતામાં સૌ વહેતા રહ્યા! વહેતાં વહેતાં ક્યારે માતૃમહેરામણમાં સમાઇ ગયા તેનો ખ્યાલ જ ના રહ્યો. સ્થળકાળ જાણે વિસરાઇ ગયાં! ખરેખર સંકીર્તનની મસ્તી સૌએ મુક્તમને માણી!

ત્યાર પછીની બેઠકમાં પૂ. માનું સુરત શિબિરનું વિડિયો પ્રવચન હતું. પ્રવચનના કથાવસ્તુદ્વારા પૂ. મા દુન્યવી પ્રેમથી પર પ્રભુના પરમ પ્રેમની દિવ્ય દુનિયામાં બાળકોને લઇ ગયાં! પ્રભુપ્રેમના ભજનપંખીને પાંખે બાળકોને બેસાડીને દિવ્ય પ્રેમના પ્રદેશમાં લઇ ગયાં! પ્રવચનમાં પૂ. માની વાણીમાં ખુમારી અને જુસ્સો અદ્‌ભુત અને અદ્વિતીય હતાં! પૂ. માએ કહ્યું, "ગમે તેવા દેશકાળના વિષમ સંજોગો વચ્ચે પણ સમર્થ સદ્‌ગુરુના શ્રી ચરણોમાં જાગેલી શ્રદ્ધાભક્તિને જરાપણ ચલાયમાન ન થવા દેવી



જોઇએ. સમર્થ સદ્‌ગુરુની સ્વરૂપનિષ્ઠા સાચી અને પાકી હોવી જોઇએ. સંસારના કોઇ પાત્રમાં કે વિષય વસ્તુઓમાં શ્રદ્ધા વહેંચાવી ન જોઇએ. સમર્થ સદ્‌ગુરુનો આશ્રય છોડીને મન બીજે આશ્રય લેવા દોડે તો તે વ્યભિચારિણી ભક્તિ કહેવાય!" પ્રભુ-પ્રેમનાં ભજનો પૂ. માએ એવી તો છટા અને ખુમારીથી ગાયાં કે સાંભળીને સૌ ડોલી ઊઠયા!

સવારના છ થી સાંજના છ સુધી પ્રાકટ્ય પર્વ નિમિત્તે પૂ. માએ જાણે બાળકોને પોતાના ખોળામાં બેસાડી પરમ પ્રેમની દુનિયામાં વિહાર કરાવ્યો. દિવ્ય આનંદ અને પ્રેમની એ મસ્તી ખરેખર અલૌકિક હતી!

સાંજે છ વાગ્યે સાયં આરતી થઇ. આરતીમાં પણ એ જ પરમ પ્રેમની ભરતીની મસ્તી રહી! પ્રાકટ્યપર્વ નિમિત્તે માતૃ-પ્રેમનો કેફ સૌએ માણ્યો. આરતી પછી પણ જે બાળકો રોકાયા તે સૌએ રાતના દશ વાગ્યા સુધી પૂ. માના અલૌકિક લીલાપ્રસંગોનું અમૃતપાન કર્યું!

આજે સવારના છ થી સાંજના છ સુધી પૂ. માના બાળકોએ ખરેખર સાચા અર્થમાં સત્સંગનું સમાધિસુખ માણ્યું! આજના પૂ. માના પ્રાકટ્ય પર્વે માતૃપ્રેમમાં પાગલ બનીને પૂ. માના બાળકોએ પ્રેમોત્સવ ઉજવ્યો, માણ્યો! રાત્રે દશ વાગ્યે છૂટા પડતી વખતે પણ એ પ્રેમનો કેફ હજુ ઉતરતો ન હતો!

સમગ્ર કાર્યક્રમનું સુકાન શ્રી રાજુભાઇ જાનીએ એવી તો કુશળતાથી સંભાળ્યું કે કાર્યક્રમનો દરેક ક્રમ માતૃપ્રેમની કૃપાનો રસથાળ બની ગયો! માતૃપ્રેમથી છલકાતા રાજુભાઇના હૈયામાંથી જાણે પ્રેમસરવાણી ફૂટી નીકળી! એ પ્રેમસરવાણીમાં હૈયામાં

પાકેલા માતૃપ્રેમના મોતીથી પૂ. માના સ્વરૂપને બરાબર સજાવ્યું! મનમાંથી નહીં પણ હૃદયમાંથી આપોઆપ ઉદ્ભવેલા ભાવોએ માતૃપ્રેમની પ્રશસ્તિનો એવો તો પ્રતિઘોષ સર્જ્યો કે સૌ માના બાળકો એ પ્રશસ્તિ પુષ્પોના પરિમલથી પમરી રહ્યા!

સૌ બાળકોએ શ્રી રાજુભાઇને વિનંતિ કરી કે આ પ્રશસ્તિ પુષ્પો—સદ્વિચારોની રત્નકણિકાઓથી અધ્યાત્મના પૃષ્ઠો પણ સુગંધિત બનવાં જોઇએ! પૂ. માના બાળકોની આટલી વિનંતી શ્રી રાજુભાઇ લક્ષમાં લેશે જ એવી આશા છે.

શ્રી જે. કે. માવાળા પરિવારના પ્રેમભાવનો પ્રત્યુત્તર આપી શકાય તેમ નથી. પોતાનું અસ્તિત્વ ભૂલીને મામય બની ગયેલાં માવાળા પરિવારના બાળકોએ પૂ. માએ તેમનામાં મૂકેલા વિશ્વાસ-ને સાર્થક કર્યો છે! દર વર્ષે મા સર્વેશ્વરી તીર્થમાં પૂ. માના સૌ બાળકોને સ્નાન કરવાની તક આપીને પવિત્ર જીવનનો અહેસાસ કરવાનો અણમોલ અવસર આપ્યો છે. ત્રણ ત્રણ વખત સ્વાદિષ્ટ ભોજનથી અને ઉતારાની સુવિધાઓથી પૂ. માના બાળકોને હેતભર સત્કાર્યા છે. મા સર્વેશ્વરી તીર્થમાં માતૃપ્રેમથી પ્રફુલ્લિત માનાં બાલકુસુમો ખૂબ ખીલ્યાં. ઝૂમ્યાં અને મ્હોરી ઊઠયાં!

પૂ. માએ જે. કે. પરિવારપર પરમકૃપા કરીને મા સર્વેશ્વરી તીર્થનું સર્જન કરીને એ પરમતીર્થ શ્રી જે. કે. પરિવારને વર-દાનમાં બક્ષ્યું છે. આ પરમતીર્થની પવિત્રતા પરિવારના દરેક સભ્ય, સ્વયં પવિત્ર બનીને જાળવી રહ્યા છે. પૂ. માની આ અ-લૌકિક ભેટ સૌને તીર્થમય બનાવી રહી છે. એટલું જ નહિ પણ દરવર્ષે તીર્થોત્સવ ઉજવીને દેશવિદેશના માના બાળકોને તીર્થમય જીવનની દીક્ષા આપે છે. સૌ આ માતૃતીર્થનું સેવન કરીને



તીર્થમય પવિત્ર જીવનનો લ્હાવો માણી રહ્યા છે. મા સર્વેશ્વરી તીર્થના તીર્થવાસીઓનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે!

અંબાજી પછી મા સર્વેશ્વરી તીર્થમાં પૂ. માના પ્રકટ સ્વરૂપના દર્શનની સૌ બાળકોને ઇચ્છા હતી. પરંતુ જેમ જેમ અકસ્માતની ભયંકરતાનો ખ્યાલ આવતો જાય છે, તેમ તેમ પૂ. માની શારીરિક વેદનાની તીવ્રતા પણ બાળકોના મનમાં ઊંડો આઘાત પહોંચાડે છે! સૌ બાળકો વ્યથિત થયા છે. પૂ. માના શ્રી ચરણોમાં સૌ બાળકોની અંતરની પ્રાર્થના છે કે પૂ. મા વહેલીતકે સંપૂર્ણપણે સ્વસ્થ થતાં અને પોતાના બાળકોને પરમસ્મિત સાથે દર્શનનું દિવ્ય સુખ આપે! પૂ. મા તા. ૨૨–૧૧ ના રોજ કપૂરા ખાતે દર્શન આપવાના છે, તેની જાણ સહુને થતાં, સૌ આનંદી ઊઠયા છે.

છે મંગલ માનું સૌ કાંઇ, પણ વિરહ કરે ખૂબ જ હાનિ!

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.


મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૨૨૮૨૩૧

नूतन वर्षाभिनंदन



મુખ્ય મંત્રી-શ્રી કેશુભાઈ પટેલ
અને -
રાજ્ય મંત્રી મંડળ
ગુજરાતના સૌ નાગરિકોને
દીપાવલી પર્વની શુભકામનાઓ અને
સંવત ૨૦૫૫ના નૂતન વર્ષાભિનંદન પાઠવે છે







નવા વર્ષે આપણો સંકલ્પ :
સમૃદ્ધ અને સંસ્કારી ગુજરાત




# નીમ કરોલી બાબા

ઈશ્વરભાઈ ભક્ત (પરમાર્થી)

ન્યુ મેક્સિકો સ્ટેટમાં ડુંગરાળ પ્રદેશમાં ટાઓસ નગર અને ત્યાં અમેરિકનોએ હનુમાન મંદિર તૈયાર કર્યું છે એ સાંભળીને મારા મનમાં સદ્‌ગુરુ કબીર સાહેબની એક સાખી યાદ આવી હતીઃ

હરિ દરિયા સભર ભરા સાધોકા ઘટ સીપ,
તામેં મોતી નીપજૈ ચઢે દેસાવર દીપ.

અર્થાત્ સચરાચરમાં હરિ તો દરિયાની માફક છલોછલ ભરેલા છે ને સંતપુરુષનું શરીર તેમાં છીપલા સમાન સમજવું. તેવા છીપલામાં જ મોતી પાકે છે ને દેશ દેશાવરમાં તે પહોંચી જાય છે. મોતી એટલે બ્રહ્મજ્ઞાનનું મોતી, જે ઉત્તમ પ્રકારની ભક્તિ કરવાથી જ પ્રાપ્ત થાય. હનુમાનજીની ભક્તિ અમેરિકામાં ચાલુ થઈ તેથી આશ્ચર્ય ને આનંદ બંને થયેલા. ભૌતિક સમૃદ્ધિથી છલકાતા દેશમાં હનુમાનજીનો પ્રવેશ જાણે સોનાની લંકામાં થયો હોય, તેવો પ્રવેશ. અહીં ભક્તિથી હનુમાનજીનો સત્કાર થવા લાગ્યો, એટલે સોનાની લંકાને તેઓ બાળવા પ્રવેશ્યા નથી, પણ તારવા પ્રવેશ્યા છે એવું લાગ્યું. તેથી ખૂબ ખૂબ આનંદ થયેલો. સાથે સાથે કયા સંતના છીપલામાં મોતી પાક્યું કે જે અમેરિકામાં આવીને આકર્ષણ પેદા કરવા લાગ્યું તે જાણવાની પણ ઈચ્છા થયા કરતી હતી. પ્રત્યક્ષ જોયાવિના તેવી ઈચ્છા તૃપ્ત ન થઈ શકે. એટલે પ્રભુકૃપાથી યાત્રાની ગોઠવણી થઈ ગઈ ને મંદિરના ગર્ભગૃહમાં બાબા નીમ કરોલીનાં દર્શન થયાં.

મેં નીમ કરોલી બાબાનું નામ તો સાંભળેલું, પણ તેઓ વિષે ખાસ પરિચય ન હતો. મંદિરમાં એક અમેરિકન ભક્ત સાથે થોડી વાત નીકળતાં મેં બાબા અંગે કોઇ સાહિત્ય છે કે કેમ તેની તપાસ કરી. તેઓ મને ઓફિસમાં લઇ ગયેલા ને ત્યાંથી મને By His grace પુસ્તક બતાવેલું. તે મેં ખરીદ કરી બાબાના વિશેષ પરિચય માટે વાંચી નાંખેલું. એ પુસ્તકદ્વારા બાબાનો આંતરિક પરિચય સારો થઇ શક્યો. તેઓ રામકૃષ્ણ પરમહંસની કોટિના મહાપુરુષ હતા. તેની ખાત્રી થઇ ને આનંદ અનુભવ્યો. ભારતમાં આવા સંતપુરુષોની એકધારી પરંપરા ચાલુ જ રહી છે તે આપણું સદ્ભાગ્ય ગણાય. જેમ ઓગણીસમી સદીમાં રામકૃષ્ણ પરમ હંસ, દયાનંદ સરસ્વતી, વિવેકાનંદ જેવા સંતોનો લાભ ભારતની પ્રજાને મળ્યો, તેમ આ વીસમી સદીમાં સાંઇબાબા, મહર્ષિ અરવિંદ, રમણ મહર્ષિ, યોગાનંદ પરમહંસ, પ્રભુપાદ સ્વામી, રણછોડદાસ મહારાજ, મહાત્મા યોગેશ્વરજી ને નીમ કરોલી બાબા જેવા અનેક મહાપુરુષોનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું, તે હકીકત ભારતના ઇતિહાસમાં સોનેરી અક્ષરોથી લખાવી જોઇએ.

એમ જોવા જઇએ તો નીમ કરોલી બાબા એ કોઇ સાચું નામ નથી. આ નામરૂપના જગતમાં સંજ્ઞાવાચક નામનું મહત્ત્વ વિશેષ ધ્યાન પાત્ર લેખાય. તેવું સંજ્ઞાવાચક નામ આ ન કહેવાય. આ તો ઓળખ આપવા માટે નામ ન જાણતા હોઇએ ત્યારે સુરતથી આવેલા સંત–કે અમદાવાદી સંત એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે તેવો આ પણ શબ્દપ્રયોગ લાગે છે. કદાચ 'નીમ કરોલી' તેવું પ્રાદેશિક નામ હશે. તેવા પ્રદેશમાં સૌ પ્રથમ કોઇએ જોયા હશે એટલે નીમ કરોલી બાબા એવું નામ ચાલુ રહ્યું. By His grace પુસ્તકમાં લેખકે નામની ચર્ચા કરતાં એવું સ્પષ્ટ લખ્યું છે કે તેમનું ખરું નામ કોઇ જાણતું નથી. લેખક



પોતે યુનિવર્સિટીના પ્રોફેસર હોવાથી ભાષાકીય ખૂબી બતાવતા નામમાં ફેરફાર સૂચવ્યો છે. નીમ નહીં પણ નીબ ને કરોલી નહિ પણ કરોરી. નીબ એટલે પાયો ને કરોરી એટલે દૃઢ મજબૂત. મજબૂત પાયાવાળા વ્યક્તિ એવું લક્ષણ દર્શાવાયું હોય એમ લાગે છે. એ સાચું પણ હોઇ શકે. બાબા દૃષ્ટ મનોબળવાળા ને આત્મ-બળવાળા હતા તેવું ઘણા ભક્તોએ અનુભવ્યું પણ હતું. તેવી જ રીતે તેમનું ગામ કયું કે તેમનાં માતપિતા કોણ તે વિષે પણ સૌ અજ્ઞાત છે. શીરડીના સાંઇબાબાનો ઇતિહાસ એવા જ પ્રકારનો છે. છતાં લોકકલ્યાણનાં તેમણે ઘણાં કામો કર્યાં હતાં તે એક હકીકત છે. વિજ્ઞાનના જમાનામાં પણ એવા અલૌકિક સંતો આપણી આંખ સામે અદ્ભુત સેવા કાર્યો કરી ગયા ને તેઓનાં નામઠામ, જાતપાત, અંગે સાવ અજ્ઞાત રહ્યા તે મોટું આશ્ચર્ય છે. જો કે કબીર સાહેબ કહે છે તે વાત સાચી પણ છે :

જાતિ ન પૂછો સાધકી, પૂછ લીજિયે જ્ઞાન,
મોલ કરો તરવારકા, પડા રહન દો મ્યાન.

અર્થાત્ નામઠામ જાણવાની પ્રથા કેવળ બાહ્યાચાર ગણાય. ખરેખર તો તે સંત શું કહેવા માંગે છે તે જાણી લેવું અતિ આવશ્યક છે. મ્યાન હોય તો જ તલવારનું મૂલ અંકાય એમ કોણ કહી શકે? મ્યાન વિના પણ તલવારની ઘણી કિંમત થઇ શકે. તેથી નીમ કરોલી બાબાનો જે જીવન સંદેશ તે જાણીને જ સંતોષ માનવો રહ્યો!

સ્થૂળ રીતે વિચારીએ તો તેઓ લોકો વચ્ચે ઇ. સ. ૧૯૭૩ સુધી વિદ્યમાન હતા. તેમણે પોતાનો પાર્થિવ દેહ છોડી દીધેલો વૃંદાવનમાં. તે દિવસે મંગળવાર હતો ને સપ્ટેમ્બરની અગિયાર તારીખ હતી. તેમના નામ પર ત્રણ આશ્રમો ચાલે છે–વૃન્દા-

વનમાં, કૈંચીમાં ને નૈનીતાલમાં. શિયાળો હોય કે ઉનાળો, તેઓ શરીર પર કાયમ કાળો ચટાપટાવાળો કામળો ઓઢતા. હમેશ સફેદ ધોતી પહેરતા. માથુ ઘણેભાગે ઉઘાડું રાખતા. ત્યાગની કે સંન્યાસની કોઈ બાહ્યનિશાની તેમણે સ્વીકારેલી નહિ. તેમને જોઈને કોઈ મહાન પુરુષ છે એવું કહી શકતું નહિ. સૂક્ષ્મ રીતે વિચારીએ તો તેઓ સાચા શરણાગતના ભગવાન હતા. તમામ ગૃહસ્થીઓના સદ્‌ગુરુ હતા. ભક્તજનોના તેઓ પિતા સમાન હતા. લોકોની ઉન્નતિ કેમ થઈ શકે, લોકોનું કલ્યાણ હમેશાં થાય ને સૌનો આર્થિક વિકાસ કેવી રીતે થાય તેની તેમણે આખી જિંદગી કાળજી લીધી છે. તેમણે તમામ અનુયાયીઓને સામાજિક કે કૌટુમ્બિક જીવનનો આદર્શ બોધપાઠ એવો ભણાવ્યો છે કે કોઈ યુનિવર્સિટી કે કોઈ સરકાર તે ન કરી શકે. તેમણે પોતાનામાં રહેલી પ્રેમની સંપત્તિ એવી રીતે વ્હેંચી છે કે નાત–જાત, ગરીબ–તવંગર કે કાળા–ધોળાના કોઈ ભેદો રહેવા પામ્યા નથી. સગાં ભાઈબહેનથી પણ વિશેષ સ્નેહદ્વારા તમામ અનુયાયીઓ એકમેક સાથે જોડાયેલા રહ્યા છે. બાબા જ્યાં જતા ત્યાં તેઓ ભંડારો જ કરતા. ગરીબોને ભોજન મળે તેવી જ વ્યવસ્થા કરતા. તેઓ કહેતા કે શ્વાસ ચાલે ત્યાં સુધી રામ રામ રટો ને હાથપગ ચાલે ત્યાં સુધી ભૂખ્યાંઓને તૃપ્તિ થાય તેવું કરો. ભૂખ્યાંને ખવરાવો તો જ રામ રીઝે! સદ્‌ગુરુ કબીર સાહેબ પણ તેવું જ કહેતા–"કર સાહેબ કી બંદગી, ભૂખે કો કછુ દે!"

બાબાના દેશપરદેશમાં હજારોની સંખ્યામાં અનુયાયીઓ છે. સૌ અનુયાયી દાદા મુકરજીને ગુરુભાઈ ગણીને માન આપે છે. દાદા નામ ખુદ નીમ કરોલી બાબાએ આપેલું છે. ખરું નામ તો સુધીરમુકરજી છે. તેઓ અલ્હાબાદ યુનિવર્સિટીના પ્રોફેસર છે. તેમની ધર્મપત્ની કમલા મુકરજી પણ ગવર્નમેન્ટ કોલેજમાં પ્રાધ્યા-



પિકા છે. સુધીર મુકરજીના જીવનમાં બાબાનો પ્રવેશ કેવી રીતે થયેલો તે જાણવા જેવો છે. સુધીર મુકરજી હજી તો કોલેજમાં ભણતા હતા. રજામાં તેઓ કલકત્તા ગયેલા. ગંગા કિનારે ફરતા ફરતા તેઓ દક્ષિણેશ્વર પહોંચેલા. ત્યાં કિનારા પર શિવના દહેરાંઓ છે. તે એક પછી એક તેઓ જોઈ રહ્યા હતા. પાંચમા દહેરા પર તેઓ પહોંચ્યા ત્યારે તેમને એક વ્યક્તિની મુલાકાત થઈ. તે વ્યક્તિએ તેમને કહેલું કે તું તો શિવનો ભક્ત છે. હું તને આજે મંત્ર આપવા માગું છું. સુધીર મુકરજી તે વખતે પૂરા સામ્યવાદી હતા. એટલે આવી વાતોમાં બિલકુલ રસ ન હતો. તેથી તેમણે સ્પષ્ટ કહી દીધેલું કે એવા મંત્રતંત્રમાં મને વિશ્વાસ નથી. ત્યારે તે વ્યક્તિએ સામેથી કહેલું કે તું બ્રાહ્મણ છે. ને તારા પિતાએ તને ગાયત્રી મંત્રનો પાઠ કરવાનું કહ્યું હતું તે કેમ ભૂલી જાય છે? ગાયત્રી બોલતી વખતે તું આ મંત્ર ભણજે એમ કહીને તે વ્યક્તિએ મંત્ર આપેલો. આવા વર્તાવથી તેમને આશ્ચર્ય થયેલું. તેમણે બીજા દહેરા તરફ દસબાર ડગલાં ભર્યાં પછી પાછળ જોયું તો તે વ્યક્તિ અદૃશ્ય થઈ ગયેલી. આસપાસ તપાસ કરતાં ક્યાંય જણાયેલી નહિ. પછી વિદ્યાર્થી અવસ્થામાં તેઓ આ બધું ભૂલી ગયેલા. વીસ વર્ષ પછી અલ્હાબાદમાં તેમના ઘરની પાસે તે વ્યક્તિ આવેલી. તે વ્યક્તિને બધાં સંત તરીકે ઓળખતા હતા. જે ઘરે આવેલા તે ઘરની છોકરી કમલા મુકરજીના હાથ નીચે અભ્યાસ કરતી વિદ્યાર્થીની હતી. તેથી વિદ્યાર્થીનીના આમંત્રણને કારણે કમલા મુકરજી પોતાના સાસુ સાથે તે સંતનાં દર્શને ગયેલાં પ્રથમ મુલાકાતે જ પરિચિત વ્યક્તિની જેમ કમલાબેનને કહેલું કે, "તમે જાઓ! તમારા પતિના બંગાળી મિત્રો આવેલા છે તેમને ચહાપાણી કરાવો! હું તમારે ત્યાં કાલે પધારીશ." પોતાના સામર્થ્યનો

પરિચય આ રીતે કમલાબેનને આપી દીધેલો ને બીજે દિવસે ખરેખર તેઓ કમલાબેનના ઘરે પધારેલા. ત્યારથી કાયમ બાબા સુધીર મુકરજીને ત્યાં અવારનવાર આવ્યા કરતા હતા. ઇ. સ. ૧૯૬૪ માં જગન્નાથપુરીની યાત્રા વખતે સિદ્ધિ દીદીને દક્ષિણેશ્વરની યાત્રા કરાવેલી ને ત્યાં બાબાએ ઘટસ્ફોટ કરેલો કે મેં અહીં દાદાને દર્શન આપેલાં ને મંત્રદીક્ષા પણ આપેલી. આ રીતે દાદા મુકરજી-ના જીવનમાં તેમણે ઘણો મહત્ત્વનો પાઠ ભજવ્યો હતો.

એકવાર ઇ. સ. ૧૯૬૨ માં કાનપુરની પાસે પાંકી નગર છે. ત્યાં હનુમાન મંદિરની ઉદ્‌ઘાટન વિધિ હતી. બાબા પોતે અલ્હા-બાદમાં હતા ને તે સમારંભમાં બાબા હાજરી નથી આપવાના એવું બાબાએ પોતે જ જાહેરમાં કહી દીધેલું. રસ ધરાવતા ભક્તજનોને ત્યાં જવાની તેમણે આજ્ઞા આપી દીધેલી. જે દિવસે વિધિ સમારંભ હતો તે દિવસે તેમણે અલ્હાબાદમાં એક રૂમને બહારથી તાળું મરાવીને તેઓ કાષ્ઠમૌનમાં બેસી ગયેલા. સમા-રંભમાં હાજરી આપીને જે ભક્તજનો બીજે દિવસે આવ્યા હતા તે આનંદથી કહેવા લાગ્યા હતા કે બાબાએ તો આખા સમારંભમાં હાજરી આપી હતી અને અમને ખૂબ મજા કરાવી હતી. આ સાંભળીને બાબા પાસે હાજર રહેલા અલ્હાબાદના ભક્તજનો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયેલા! બાબાએ તો પોતાના રૂમને બહારથી તાળું મરાવી દીધેલું. તેઓ કેવી રીતે પાંકી પહોંચી જાય? આ અલૌકિક ઘટના તેમની દૈવી શક્તિની દ્યોતક ગણાય.

ધરમ નારાયણ શર્મા નામનો એક યુવાન બાબાનો પરમ ભક્ત હતો. રેલ્વેમાં નોકરી માટેનો તેનો 'ઇન્ટરવ્યૂ' કલકત્તામાં ગોઠવાયેલો તેથી તેને જવું હતું કલકત્તા. પણ બાબનો ,આશીર્વાદ મળે તો જવું. તે દાદા મુકરજીને ત્યાં બાબાને દર્શને આવ્યો હતો.



બાબાએ તેને જવા માટે ના ભણી હતી. તેથી તે નિરાશ થયો હતો. સવારે પેપરમાં મોગર સરાઇ આગળ થયેલા રેલ્વેના અકસ્માતના સમાચાર વાંચી તે અજાયબી પામ્યો. કુલ બસો માણસો માર્યા ગયેલા. જે બોગીમાં એનું 'રીઝર્વેશન' હતું તે બોગી કચ્ચરઘાણ થઇ ગયેલી. પોતાનું રક્ષણ બાબાએ કેવી સરસ રીતે કર્યું તેનો તેને ખ્યાલ આવી ગયો ને તેણે બાબાનાં ચરણો હમેશ માટે પકડી લીધાં હતાં.

કૈંચી આશ્રમમાં બાબા ખાસ કરીને ગરમીના દિવસોમાં રહેતા. આશ્રમમાં ત્યારે સંડાસની વ્યવસ્થા થઇ નહોતી. તેથી બાબા દૂર ચાલ્યા જતા ને સંડાસની ક્રિયા પતાવતા. વચ્ચે નદીમાં સ્નાન કરી રસ્તાની બાજુમાં બનાવેલી પાળી પર સૌને દર્શન આપવા બેસતા. ઇ. સ. ૧૯૬૨ માં ભારતના સંરક્ષણ પ્રધાન ચૌહાણ સાહેબ તે દિવસે પોતાના વિશાળ રસાલા સાથે પસાર થતા હતા. ચૌહાણ સાહેબે બાબાને જોઇને પોતાની ગાડી થંભાવી હતી. આખો રસાલો રોકાય ગયો હતો. ચૌહાણે પ્રણામ કરીને કહ્યું હતું કે બાબા, છ વર્ષ પછી આપના દર્શનનો લાભ મળી શક્યો. હાલમાં અમે મુશ્કેલ સ્થિતિમાં છીએ. ચીને આપણા દેશ પર આક્રમણ કરેલું છે. અમારી કસોટી છે. બાબાએ જવાબ આપેલો કે ભારત ભગવાનની ભૂમિ છે. ભગવાન રક્ષણ કરશે. પણ રાજકીય રમતમાં તમે ગોથા ખાય જાવ ને પ્રદેશ શરણે કરી દો તો ભગવાન પણ શું કરે? બાકી આ સૈનિકો તો કોઇને ગાંઠે તેવા નથી. તેઓના દિલમાં દેશ માટે અપાર પ્રેમ છે. ખરેખવ એવું જ બનેલું! જવાહરલાલ નહેરુ ને કૃષ્ણમેનની ભૂલને કારણે ચીન પાસે આપણો પ્રદેશ ચાલ્યો ગયેલો. તેમાં સૈનિકોનો કોઇ દોષ નહોતો!

લારી નામનો એક અંગ્રેજ આધ્યાત્મિક શિક્ષણ લેવાને બહાને બાબાના આશ્રમમાં રહેતો હતો. તે વાચાળુ હતો તેથી લોકો તેની વાતોથી પ્રભાવિત થઇ જતા હતા. બાબા પાસે લોકો તેના ઘણા વખાણ કરતા. વખાણ સાંભળીને એક દિવસ બાબાએ કહી દીધેલું કે લારી થોડા દિવસ પછી આ દેશ છોડી દેશે. તેની પ્રેમિકા તેને લેવા આવી રહી છે. સુસાન નામની તેની પ્રેમિકા ખરેખર નૈનીતાલ આશ્રમમાં આવેલી ને લારીને તે લઇ ગયેલી તે હકીકત જાણીને લોકો બાબાની અપૂર્વ શક્તિને સમજી શકેલા. આવો જ પ્રસંગ પૂ. યોગેશ્વરજીના જીવનમાં પણ બનેલો. હરદ્વારમાં એક અંગ્રેજ સાધુના વેશમાં કંઇ જાણવા આવેલો. મંત્રદીક્ષાની તેણે માંગણી પણ કરેલી. ત્યારે યોગેશ્વરજીએ તેને સ્પષ્ટ કહી દીધેલું કે આ સાધુનો વેશ તમને શોભા આપતો નથી. તમારી પ્રિયતમા અત્યારે બિમાર છે ને ઈસ્પિતાલમાં છે. માટે વેશ ઉતારી દેશમાં પહોંચી જાવ ને પ્રિયતમાને સંતોષ આપો! તે અંગ્રેજ ખરેખર ત્યાર પછી દેશ ગયેલો ને સાચે માર્ગે વળેલો. સંતોની આ પ્રકારની સેવા અમૂલ્ય ગણાય. બાકી સંતોને સમજવા કઠિન છે. કારણ કે તેઓ સાગર જેવા અગાધ ને આકાશ જેવા અમાપ છે! જે બાજુથી જુઓ તે બાજુથી તેઓ મહાન જ લાગે!

**વ્યાખ્યાનો**

જાન્યુઆરી-'૯૯ ના પહેલા અઠવાડિયામાં ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ તરફથી મહાત્મા યોગેશ્વર વ્યાખ્યાનમાળા નીચે -પ્રાધ્યાપક તેમ જ ભાગવતાચાર્ય શ્રી જનાર્દનભાઇ દવેના બે દિવસનાં વ્યાખ્યાનો રાખવામાં આવેલ છે. વિષય છે 'વેદાંતની દૃષ્ટિએ માનવ સંબંધો.' તારીખે હવે પછી જાહેર થશે. **- તંત્રી**



# અજપા જપ અને ધ્યાન

લાભુભાઇ દવે

ઈશ્વર ચિંતન અને ઈશ્વર પ્રાપ્તિ એ જ માનવજીવનનું મુખ્ય ધ્યેય હોવું જોઇએ. ખૂબ બધા માણસોના મનમાં ઈશ્વર પ્રાપ્તિની ઈચ્છા થાય છે. છતાં તે માટેનો રસ્તો ખબર હોતો નથી. સૌથી સરળ રસ્તો તો ભગવાન માટેનો ઉત્કૃષ્ટ પ્રેમ જ મહત્ત્વનો છે. બીજો રસ્તો ગુરુ બનાવી ગુરુનું જ ધ્યાન અને ચિંતન. ગુરુ જ ઈશ્વર. ગુરુ જ ભગવાન. ગુરુ જ તારણહાર. ત્યારબાદ સતત નામજપ પણ આવે છે. આમાં ગુરુદ્વારા અપાયેલો અથવા સ્વેચ્છાએ સ્વીકારેલ ૐ નમઃ શિવાય મંત્રના કે બીજા કોઇ પ્રભુના નામના જપ પણ ઈશ્વર દર્શન માટે પ્રભાવી સહારો છે. ૐ નમઃ શિવાય જેટલો જ બીજો પ્રભાવી મંત્ર છે. સોડ્હમ્.

'સોડ્હમ્' મંત્ર જપવા માટે જીભ અથવા ગળાનો જરાપણ ઉપયોગ કરવાનો નથી. આ મંત્ર મનુષ્યના દેહમાં રહેલો આત્મા સતત જપે છે. દિવસ દરમ્યાન જાણતાં અજાણતાં દરેક મનુષ્ય આ મંત્રના જપ ૨૧૬૦૦ વખત જપે છે. તેથી આ સોડ્હમ્ મહામંત્રને અજપા જપ પણ કહે છે.

માણસને આ મંત્રની દીક્ષા સ્વયં ભગવાને (માણસને) તે જ્યારે માતાના ગર્ભમાં હોય છે ત્યારે તેના ઉપર દયા લાવીને આપી હોય છે. ભગવાને જ મંત્ર તથા દીક્ષા આપેલ હોવાથી માણસને ગુરુ બનાવવાની જરૂર પડતી નથી. છતાં જન્મ બાદ માયાના(અજ્ઞાન)ના આવરણના પ્રભાવથી મનુષ્ય સોડ્હમ્‌ને બદલે

કોઽહમ્, કોઽહમ્ (હું કોણ? હું કોણ?) બકવા માંડે છે. અને હું કોણ? તે અભિમાનમાં ભગવાનને ભૂલી જાય છે. નસીબ જોગે જો ગુરુ મળે તો મંત્રદીક્ષા આપે છે.

પરંતુ જન્મ પહેલાં મળેલ મંત્ર તથા દીક્ષાદ્વારા જો મનુષ્ય સોઽહમ્ મંત્ર જપવા માંડે તો તે ઈશ્વર બની જાય છે. આમ પણ મનુષ્ય ઈશ્વરનો એક અંશ જ છે. શરીર એ પંચભૂતોનું (માટીનું માની લો) બનેલું છે. તેમાં વસતી ચેતના સ્વયં ઈશ્વરનો નાનો અંશ એ જ આત્મા છે.

આ મંત્ર માટે પલાંઠી વાળી દરરોજ એક જ સમયે એક જ ઠેકાણે એક જ આસન ઉપર ટટ્ટાર બેસવું. પીઠ કરોડ અને ગળું સીધી લીટીમાં રાખવાં. ખૂબ ટટ્ટાર અક્કડ ન બેસવું. શરીર શિથિલ રાખવું. ધ્યાન બે આંખોની ભ્રમરોની વચ્ચે રાખવા પ્રયત્ન કરવો, જરા પણ ઊતાવળ કે બળજબરી ન કરવી. આંખો સાવ સામાન્ય રીતે જેમ બંધ કરીએ છીએ તેમ જ બંધ કરવી.

ત્યાર બાદ મોં બંધ રાખી નાકદ્વારા ઊંડો શ્વાસ લેવો. શ્વાસ રોકવો નહિ. ઉચ્છ્વાસ નાકદ્વરા ધીમેથી અથવા જોરથી છોડી દો.

ત્યાર બાદ શ્વાસ–ઉચ્છ્વાસને પોતાની આપ મેળે થવા દો, શ્વાસ અટકે તો અટકવા દો. ઉચ્છ્વાસ બહાર અટકે તો અટકી જવા દો. આ શ્વાસ–ઉચ્છ્વાસ જ્યાં લય પામે છે, સમામ થઈ જાય છે તે જગાનું ધ્યાન રાખો.

હવે જ્યારે શ્વાસ નાકથી શરીરમાં પ્રવેશ કરશે ત્યારે હં... અથવા સો...સો...ડ..ડ..ડ.. અવાજ આવશે, તમે માત્ર એક પ્રેક્ષક તરીકે સાક્ષીભાવે આ અવાજનું નિરીક્ષણ કરો.

ત્યાર બાદ ઉચ્છ્વાસ પોતાની મેળે જ સ... અથવા હમ્...મ્...મ્... કરતો જ બહાર નીકળશે, તેનું પણ સાક્ષીભાવે નિરીક્ષણ કરો. આમ અંદર હં... (અથવા સો) અવાજ અને બહાર સ... (હમ્...) અવાજ સતત સંભળાશે, આ જ છે અજપા જપ સોઽહમ્, આને હંસ મંત્ર પણ કહે છે. શ્વાસ–ઉચ્છ્વાસને પ્રાણ-શક્તિ સાથે સીધો સંબંધ છે. પ્રાણ શક્તિથી જ પ્રાણ ટકે છે. આ પ્રાણશક્તિ ઈશ્વરની ચેતનાશક્તિ છે. જે શ્વાસ ઉચ્છ્વાસ સાથે અંદર બહાર થઈ આત્મા તથા પરમાત્મા સાથે જોડાયેલી સીધી લાઈન છે.



સોઽહમ્ મંત્રનો અર્થ થાય છે 'તે હું છું.' મતલબ હું (તે એટલે ઈશ્વર) ઈશ્વર છું. (ઈશ્વર હું છું.) મતલબ માણસ જો પોતાના શરીરને પોતે ન સમજતાં, શરીરને ભૂલી જઈ અંદરના આત્માને સમજીને ઓળખવાનો પ્રયત્ન કરે તો તેનાં અજ્ઞાનનાં પડળ ઉખડી જતાં પોતે જ ઈશ્વરનો અંશ છે તેવો સ્પષ્ટ ખ્યાલ તેને આવી જશે.

આમ સોઽહમ્ મંત્ર સાથે એકરૂપ થવાથી મનુષ્ય બીજા વિચાર ભૂલી જશે, દેહભાન ભૂલી જશે, છેવટે તે ઈશ્વર અથવા પોતાના આત્માને ઓળખી પોતે જ ઈશ્વર છે તે જાણી આનંદ સાગરમાં ડૂબી જશે તે જ સાચું ધ્યાન, તે જ કૈવલ્ય, તે જ સમાધિઅવસ્થા.

ધ્યાન ધરીને કશું જોવાનું નથી. ધ્યાનમાં મનથી કલ્પાના કરી ચિત્રો જોતા રહેવું તે તો ધ્યાનનનું અપમાન છે, એ તો જાગતિક ધ્યાન કહેવાય.

ધ્યાન માટે ભગવાનના પ્રેમમાં પડી જવું પડે. જેમ ગોપીઓ ભગવાનની યાદમાં ઘર–છોકરાં, દુનિયા, દેહ ભૂલી જતી હતી

તેમ. માત્ર યાદ રહે ભગવાન, ધીમે ધીમે દેહ, ભગવાન બંને ભૂલાઇ જાય, અને ભક્ત, ભગવાન અને ભક્તિ ત્રણે એક જ છે તેનો ખ્યાલ પણ એક થઇ જાય. બધું લોપ થઇ જાય. જ્યાં કોઇ જ ન રહે તે જ સાચું ધ્યાન.

ભક્ત ભગવાન ભક્તિ=એક શૂન્ય. માત્ર શૂન્ય. સ્તબ્ધી અવાજ.

## સંતોનું સામર્થ્ય

સંતોની સંગતિથી દેવને સુખ થાય છે. તેટલા વાસ્તે તો દેવ તેમની સેવા કરે છે. મારે તો એવડો શો અધિકાર છે કે હું તે સ્થળના મહિમાનું સંપૂર્ણ વર્ણન કરી શકું. નિર્ગુણ નિરાકાર દેવ સગુણ અને સાકાર બનીને સંતોનું પૂજન કરે છે અને તેમને નમસ્કાર કરે છે. તીર્થો તો લોકોનાં પાપનું હરણ કરવાથી મેલાં થઇ ગયેલાં છે, તેથી કરીને તેઓ ફરીથી પવિત્ર થવાને માટે સંતોના ચરણોના સ્પર્શની ઇચ્છા રાખે છે. સંતોની આવી યોગ્યતા હોવાને લીધે, તેમની સરખામણીમાં અષ્ટ મહાસિદ્ધિઓ શા હિસાબમાં છે! તેમની આગળ સામે મોઢે બોલવાની પણ કોઇની હિમ્મત ચાલતી નથી.

તુકારામ કહે છે કે સંતો બળવાનોમાં શ્રેષ્ઠ છે તોપણ તેઓ વિઠોલાબાના ચરણમાં જ પોતાની જાતને સમર્પી દે છે, અને ત્યાં જ નિવાસ કરીને રહે છે.

— સંત તુકારામ



પૂ. શ્રી રચિત ગીતાદર્શનમાંથી

# પામીએ જીવન પ્રકાશ

ડો. બી. જે. જાગાણી

મહાત્મા યોગેશ્વરજી ગુજરાતમાં જન્મ્યા અને સમગ્ર વિશ્વમાં વિસ્તર્યા. સૂક્ષ્મરૂપે સમગ્ર બ્રહ્માંડને ચેતના–પ્રકાશ આપતા રહ્યા છે. આપણી વચ્ચે હાલ ભૌતિક રીતે નથી પણ સૂક્ષ્મરૂપે જે જે જીવો પૂ. શ્રીને યાદ કરે છે તેને પ્રકાશ આપીને દુઃખો દૂર કરે છે. પૂ. શ્રીએ ૧૯૭૫ માં ગીતાજી પર ગીતાદર્શન નામનું ભાષ્ય પ્રસિદ્ધ કર્યું. આ ભાષ્યના વાચન, મનન અને અમલથી જીવન સાચી દિશા તરફ યાત્રા કરે છે. સદ્‌ગુરુના સહવાસીઓ, પુસ્તકો, સંદેશાઓ, પત્રો, સાહિત્ય, ઓડીયો–વીડીયો પ્રવચનોની કેસેટો આપેલી ભેટો, ઉપયોગમાં લીધેલી વસ્તુઓ જીવંત ચેતના–શક્તિ ધરાવતી હોય છે. એટલે કિમતી છે. આ બધી વસ્તુઓ દ્વારા સદ્‌ગુરુનો સહવાસ સતત મળતો રહે છે. ભારતવર્ષનો ગ્રંથ ગીતાજી છે જે વર્ષોથી સૌ જીવોને જીવન જીવવાની કળા અને વિજ્ઞાન બક્ષતો આવ્યો છે. સદ્‌ગુરુની કલમે જ્યારે આ ગ્રંથ પર ભાષ્ય લખાયું હોય અને તેનું પાન કરવામાં આવે ત્યારે સદ્‌ગુરુ આવા અક્ષરદેહદ્વારા સતત માર્ગદર્શન આપીને જીવન કેડી પર શિશુની જેમ હાથ પકડીને દોરે છે. આ ગીતાદર્શનના કેટલાંક પ્રકાશનાં કિરણો અહીં આલેખવાનો પ્રયાસ કર્યો છે.

૧. સોનાને ફરી ફરી તપાવવાથી તેની કાંતિમાં વધારો થતો જાય છે, તથા ચંદનને પણ વધારે ને વધારે ઘસવાથી તેની સુવાસ

વધતી જાય છે, તેમ ગીતાનું વાંચનમનન વારંવાર કરવાથી તેના રસમાં વધારો થતો જાય છે.

૨. યુગોથી પૃથ્વીના પ્રવાસે નીકળેલો ગંગાનો પ્રવાહ કદી ખૂટતો કે થાકતો નથી. ગીતાની અમૃતગંગા પણ એવી જ અવિનાશી છે, પતિતપાવની છે. કોઇ પણ સ્થળે ને કોઇયે કાળે માણસને તે શાંતિ આપી શકે છે આનું નામ અમરતા. ગીતા અમરતાની મૂર્તિ છે.

૩. ગીતા બધા ઉપનિષદોનો નીચોડ છે. ઉપનિષદોનું પ્રતિનિધિત્વ કરનારો કે ઉપનિષદો વતી જવાબદારીપૂર્વક બોલનારો ગ્રંથ છે. જે તેનું શરણ લે, તેની શિક્ષાને જીવનમાં ઉતારે, તેના બધા જ સંશય છેદાઇ જાય, ને તેને શાંતિ ને માનસિક પ્રસન્નતાની પ્રાપ્તિ પણ થઇ જાય.

૪. ગીતાનો કેવળ વિચાર કરીને બેસી રહેવાથી હેતુ નહીં સધાય. વિચાર સાથે અમલ કે વર્તનની પણ જરૂર છે. પણ તે છતાં વિચારનું મહત્ત્વ ઓછું નથી થતું. વિચાર કર્યા વિના વર્તનની પ્રેરણા કેવી રીતે મળી શકશે? જીવનમાં જે નિયમો ને સિદ્ધાંતોને વફાદાર રહીને ચાલવાનું છે તેનો ખ્યાલ વિચારનો આશ્રય લીધા વિના કેવી રીતે આવી શકશે? મંથન કર્યા વિના બેસી રહેવાથી માખણ ક્યાંથી નીકળશે? એટલે વિચારની જરૂર પહેલી છે. પછી જ તે પ્રમાણે વર્તન કરવાનો કાર્યક્રમ ઘડી શકાય.

૫. પોતાના ધર્મ(કર્તવ્યપાલન)ને માણસે પ્રત્યેક પરિસ્થિતિમાં વળગી રહેવાની જરૂર છે. સારી કે નરસી, અનુકૂળ કે કોઇ યે પરિસ્થિતિમાં પોતાની ફરજને તેણે છોડવાની જરૂર નથી. પોતાનો ધર્મ (કર્તવ્યપાલન) ગમે તેટલો અટપટો કે કઠિન હોય, ને



બીજાનો ધર્મ સરળ ને દેખીતો સારો હોય તો પણ, પોતાના ધર્મને વળગી રહેવામાં જ મંગલ છે. ધર્મ એટલે પોતાને વારસામાં કે પોતાને મળેલી ફરજ. તેના પાલનમાં જ માણસનું કલ્યાણ છે. સમાજની વ્યવસ્થા પણ તેથી જ ટકી શકે છે.

૬. પોતાને ફાળે આવેલું કામ કઠિન હોય કે સહેલું હોય, પણ માણસે તેને પૂરા દિલથી ને ઉત્સાહથી કરવું જોઇએ. ગર્ભની રક્ષાનું કઠિન કામ વિધાતાએ માતાને સોંપ્યું છે. પછી તેનો ત્યાગ શી રીતે થઇ શકે? ત્યાગ કરવો જ હોય તો પૂર્ણ સંયમનું પાલન કરીને તેનો ત્યાગ થઇ શકે છે. પણ ના થઇ શકે તો ગર્ભની રક્ષાનું કામ સારી પેઠે થાય ને ભારરૂપ ના લાગે તેની કલા માતાએ શીખી લેવી જોઇએ.

૭. ભગવાને ગીતાનો ઉપદેશ આપ્યો તેનું મુખ્ય કારણ અર્જુનને ફક્ત યુદ્ધ કરવા તૈયાર કરવાનું નહીં, પણ તેને વિષાદથી મુક્ત કરવાનું છે. આ વિષાદની માતા–મૂળ જનની અવિવેક કે મોહની વૃત્તિ છે. એટલે મોહનો નાશ કરવા કે અવિદ્યા દૂર કરવા ગીતામાં વધારે ભાગે પોતાના ધર્મનું યથાર્થ આચરણ કરવા પર વારંવાર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

૮. ગીતાનો ઉપદેશ વીરતાની જ તાલીમ છે : અથવા કહો કે મરવા જેવા બનેલા કે મરી ચૂકેલાની સંજીવની બૂટી છે.

૯. ગીતા એકાંત જંગલમાં નહીં, પણ યુદ્ધના કોલાહલ વચ્ચે કહેવાઇ છે, તેથી તેની કિંમત વધે છે, ને જીવનના કોલાહલ વચ્ચે જીવનારા માણસોને માટે પણ તે ઉપયોગી અને પ્રેરણા દેનારી છે. પ્રવૃત્તિ ને વ્યવહારની વચ્ચે રહીને પણ જે ભગવાનનું શરણ લે, ને ભગવાનની મદદની માંગણી કરે, તે ભગવાનની વાણી

સાંભળી શકે, ભગવાનની કૃપા મેળવી શકે, ને જ્ઞાનની પવિત્ર ગંગામાં સ્નાન પણ કરી શકે. એટલે માણસ વ્યવહારની અંદર છે કે બહાર છે એ મુદ્દો બહુ મોટો નથી. તેનું મન શામાં છે—વ્યવહારમાં કે ભગવાનમાં, લૌકિક પ્રવૃત્તિમાં કે આત્મિક વિકાસમાં, એ મુદ્દો વધારે મહત્ત્વનો છે.

૧૦. માણસને મૃત્યુનો ડર છે. આ ડરનું કારણ એ છે કે માણસ મૃત્યુના સાચા સ્વરૂપને સમજતો નથી, ને મૃત્યુને અમંગલ તથા હાનિકારક માને છે. માણસ સારી પેઠે વિચાર કરે તો તેને જણાશે કે મૃત્યુ તેને માટે અમંગલ નથી, પણ આશીર્વાદરૂપ છે. શરીરને બદલીને નવા ને વધારે સારા શરીરને ધારણ કરવાનો લાભ આપીને ઈશ્વરે માણસ પર ઘણો મોટો ઉપકાર કર્યો છે. કારણ કે સંસારમાં જો મૃત્યુની વ્યવસ્થા ના હોત તો એક જ જાતના વાતાવરણમાં ફેરબદલી કરવાનો લાભ મળે છે. સંસારમાં કેટલાય જીવો જીવનભર દુઃખી દેખાય છે. એવા જીવોના જીવન પર મૃત્યુનો પડદો પાથરીને ઈશ્વર તેમનું ને બીજાનું કલ્યાણ જ કરે છે.

૧૧. ઈશ્વરની કૃપાથી માણસ મૃત્યુંજય બની શકે છે, ને શરીરને ઇચ્છા પ્રમાણે રાખી ઇચ્છા પ્રમાણે છોડી શકે છે. માણસ પોતાની નબળાઇને લીધે મૃત્યુનો દાસ ને પ્રકૃતિનો ગુલામ બને છે. ને જો તે ધારે ને શક્તિનો વિકાસ કરે તો તે મૃત્યુ ને પ્રકૃતિનો સ્વામી પણ બની શકે છે.

૧૨. માણસ મમતા ને મોહની ગાંઠથી બંધાયેલો છે. તે ગાંઠને તોડી નાંખતાં તેને તરત જ સમજાશે કે આ સંસારમાં તેનું પોતાનું એક ઈશ્વર વિના બીજું કોઈ જ નથી. તે ઈશ્વરમાં મમતા



કરવી એમાં જ ડહાપણ ભરેલું છે. ઈશ્વરને ભૂલી જઇને માણસ સંસારના માયાવી સંબંધોમાં બંધાઇ જાય છે, ને જે કોઈ પણ ઉપાયે પોતાના થઇ શકે તેમ નથી, તેમને પોતાનાં ને બીજાને પરાયાં માને છે. આનું નામ અજ્ઞાન. એ અજ્ઞાનમાંથી માણસે છૂટવાની જરૂર છે, તો જ શાંતિ મળી શકે.

૧૩. કર્મના ફળનો ત્યાગ કરવાનો ઉપદેશ આપીને ગીતા કર્મના ફળની સારી ને માઠી અસરના ત્યાગ કરવાનું શીખવે છે, અથવા કર્મના ફળથી અલિપ્ત રહેવાના પાઠ આપે છે. કર્મના ફળની ઇચ્છાનો ત્યાગ કરવાનો નથી પણ ફળનો ત્યાગ કરવાનો છે. ફળનો ત્યાગ કરવો એટલે જે ફળ મળે તે ભગવાનનું માની ભગવાનને અર્પણ કરી દેવું. ભગવાનનાં ચરણોમાં તેનો ત્યાગ કરવો. ભગવાનની સૃષ્ટિ માટે તેનો ઉપયોગ કરવો. કર્મફળનો ત્યાગ ખરેખર માનસિક છે, ભાવનાની દૃષ્ટિએ ત્યાગ છે : ને વસ્તુતઃ પદાર્થનો ત્યાગ નથી એ સૌએ સમજી લેવાની જરૂર છે.

૧૪. કર્મયોગની સાધના કરવાની છે. કર્મનો યોગ કરવાનો છે. કોની સાથે? વિવેક એટલે જ્ઞાન કે ભગવાનની સાથે. આમાં કર્મયોગની ખૂબી રહેલી છે. માણસ જ્યારે સંપૂર્ણપણે જાગૃત રહીને, વિવેકી બનીને કર્મ કરે છે, ને તે કર્મનો 'સંબંધ ભગવાનની સાથે જોડી દે છે, ત્યારે તેનાં કર્મ સાધનામય કે યોગમય થઇ જાય છે, ને તેમના મૂલ્યમાં ખૂબ વધારો થાય છે. તેવાં કર્મ જીવનને તારી શકે છે, ને માણસનો ઉદ્ધાર કરે છે. તેથી તાપ, શોક ને બંધનનો અંત આવે છે. આ પ્રમાણે કર્મ ને જ્ઞાનની સાથે દોસ્તી થવી જોઇએ.

૧૫. કેટલાક માણસો પોતાનાં સ્ત્રી–સંતાનોને રઝળતાં મૂકે છે,

ને પોતે યોગીરાજ કે ભગત બની આમતેમ ફરતા ફરે છે, આ એક મોટો અપરાધ છે. જે તમારાં છે, ને જેમની જવાબદારીનો ભાર તમારા પર છે, તેમના દિલને દુખાવાથી ને તેમનો ત્યાગ કરવાથી તમારું મંગલ નહીં થાય એ નક્કી સમજી લેજો. ઈશ્વરના દરબારમાં તેથી તો તમે ગુન્હેગાર બનશો. માટે કંટાળો લાવ્યા વિના તમારી ફરજને સમજો ને તેનું પાલન કરો.

૧૬. પાપ કરવું કે ના કરવું એ માણસના હાથની વાત છે : ને માણસ ધારે ને પ્રયાસ કરે, તો પાપની પાર પહોંચી શકે છે, પાપ કરવામાં ને ના કરવામાં તે સ્વતંત્ર છે. જો તેની ઇચ્છા ખરેખર પાપ કરવાની નહીં હોય, તો તેને પાપમાં પ્રેરવાની તાકાત દુનિયાની કોઈયે વસ્તુમાં નથી. માણસના દિલમાં જે કામ ને ક્રોધરૂપી રાક્ષસ છે તે જ માણસને બળજબરીથી પાપમાં પ્રેરે છે.

૧૭. માનવીની મહાનતા જરૂરતને મર્યાદિત કરવામાં છે. કામના ને ઇચ્છા પર સંયમ સાધવામાં છે. જેનું જીવન સાદું, સહેલું, સરલ ને ઓછામાં ઓછી તૃષ્ણા કે કામનાવાળું, તે જ પુરુષ સંસારમાં સૌથી વધારે ધની અને સુખી છે. એટલે સુખી થવું હોય તો જીવનને સરલ, નિર્મલ ને સાદું બનાવી દો. એની સાથે સાથે કામ ને ક્રોધ જેવા અસુરોને અંતરમાંથી દૂર કરવાના પ્રયાસમાં લાગી જાવ. કામનું પેટ ઘણું મોટું છે. ક્રોધ પણ સર્વભક્ષી છે. ભગવાનની કૃપાની યાચના કરો. તેની કૃપાથી કામ જરૂર સહેલું બની જશે.



# પ્રેરક પ્રસંગો

ઝિંઝુવાડીયા કનૈયાલાલ

પ્રમુખ સ્વામી મહારાજ માને છે કે વ્યક્તિ સુધરશે તો કુટુંબ સુધરશે, કુટુંબ સુધરશે તો સમાજ સુધરશે, સમાજ સુધરશે તો રાજ્ય સુધરશે, રાજ્ય સુધરશે તો દેશ સુધરશે, દેશ સુધરશે તો વિશ્વ સુધરશે. એટલે જ વ્યક્તિને જગાડીને તેઓ સામાજિક ક્રાંતિના છડીદાર બન્યા છે, તેઓની આ કરુણાનો સ્પર્શ આદી-વાસીથી માંડીને પરદેશવાસીઓ સુધીના સૌ પામ્યા છે. વ્યસનને તિલાંજલી આપીને સદાચારને માર્ગે વળ્યા છે. સ્વામીશ્રીએ જણાવેલી સદાચારની જ્યોતિ અનેક લોકોના જીવનમાં પ્રકાશનું પાથરણું પાથરતી રહી છે.

૧૯૮૫ ના અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની દ્વિશતાબ્દિના દિવસોમાં કેન્યા(આફ્રિકા)ના જમીન અને રહેઠાણ ખાતાના પ્રધાન જોસેફ મહુરિયાએ જીવનભર દારૂ નહીં પીવાની પ્રતિજ્ઞા હજારોની મેદની સમક્ષ લીધી. ૧૯૮૮ માં સ્વામીશ્રી જ્યારે કેન્યા પધાર્યા ત્યારે તેઓએ કૃતજ્ઞતાપૂર્વક આભાર માનતા સ્વામીશ્રીને કહ્યું, 'જ્યારથી આપે મને નિર્વ્યસની જીવન જીવવા માટે આદેશ આપ્યો ત્યારથી આપ મારા હૃદયમાં પ્રવેશી ગયા છો. મારા વ્યસન સંબંધી સંકલ્પો જ ટળી ગયા છે. એટલું જ નહીં આપને સંભારીને બીજા-ને વ્યસન છોડાવવાની વાત કરું છું તો તેને પણ પોતાનું જીવન સુધારવા ઉપર વિશ્વાસ બેસે છે. અમારા દુનિયાના સૌથી વૃદ્ધ મિનિસ્ટર 'અગાઇન'નું ૭૦ વર્ષ જૂનું વ્યસન આ રીતે જ છૂટ્યું.

૧૯૮૭ માં સ્વામી શ્રી ખાખરિયાથી ભાવનગર જઇ રહ્યા હતા. રસ્તામાં એક ભાઇ સ્વામીશ્રીને જોતાં જ પોતાની સાયકલ ઊંધી નાંખીને રસ્તા ઉપર જ દંડવત પ્રણામ કરવા લાગ્યા. ગાડી ઊભી રખાવીને સ્વામીશ્રીએ એને આશીર્વાદ આપ્યા. પણ સાથે સાથે પ્રશ્ન પણ કર્યો "તેં આ રસ્તે દંડવત તો કર્યા પણ મસાલા–તમાકુ ખાય છે?" પેલા ભાઇ ભોંઠા પડી ગયા. સ્વામીશ્રીએ એને મસાલા ન ખાવાનો નિયમ લેવડાવ્યો. કંઇ કેટલાય ગામોમાં તેઓએ સરપંચને ગામમાંથી દારૂ, જુગાર, તમાકુની દુકાનોને બંધ કરવાનો ઉપદેશ આપ્યો છે.

અન્યને વ્યસનમુક્ત કરતી વખતે ધીરજ અને ખંત એમના મહત્ત્વના અંગો છે. આમ કરવામાં તેઓ કદી ઉતાવળા થતા નથી. હઠાગ્રહ રાખતા નથી. ફક્ત સાંભળે છે અને સંભાળે છે. એમની ધીરજનો કોઇ અંત નથી, સહનશક્તિને કોઇ મર્યાદા નથી. તો બીજાને સમજવાની એમની સજ્જનતા અને ઔદાર્ય અપાર છે.

* * *

ઔરંગાબાદના ચાંદ પાટીલ નામના એક મુસલમાનના ભાણેજની જાન શીરડી જઇ રહી હતી. રસ્તામાં તેને સાંઇ-બાબાનો મેળાપ થઇ જાય છે અને આગ્રહ કરીને બાબાને જાન-ની સાથે લઇ જાય છે. જાન તો દુલ્હનને લઇને પાછી સિધાવી, પણ સાંઇ સદાને માટે શીરડીના બની ગયા.

શીરડીમાં યે મુસલમાનો તો હતા જ. મસીદ પણ હતી. બાબાને સાંઇ નામથી પહેલી જ વાર સંબોધનાર સોની મહા-બસાપતિ તથા તેના બે મિત્રો કાશીરામ દરજી તથા અપ્પા જંગલે, બાબાને મસીદમાં મૂકી ગયા. ફકીરે અડ્ડો તો જમાવી દીધો



મસીદમાં, પણ સત્સંગ કરવા માંડયો હિન્દુનો!

મસીદમાં આગ ન હોય, પણ આ સાંઇએ તો કોઇ અવધૂતને છાજે એવી અખંડ ધૂણી મસીદમાં ધખાવી. મસીદમાં વાજિંત્રો પણ વાગતા થયાં. રામનામની ધૂન મચતી ને ભજનો પણ ગવાતાં.

એકવાર મામલતદારે પોતાના મહેમાન બનેલા એક ડોક્ટરને શીરડીના આ અજાયબ ફકીરનાં દર્શન કરવા જણાવ્યું. ડોક્ટર પોતે રામભક્ત હતા તેથી મામલતદારને કહ્યું, ‚સલમાનને પગે પડવાનું મને ન કહેશો.' ત્યારે મામલતદારે કહ્યું, 'પગે પડવાનું કોઇ નથી કહેતું ડોક્ટર, એકવાર એમને જુઓ તો ખરા.'

તેઓ મસીદમાં ગયા ત્યારે ત્યાં રામનામની ધૂન મચી રહી હતી. કોણ જાણે શું થયું કે ડોક્ટર બાબાના પગમાં સાષ્ટાંગ નમસ્કાર કરવા લાંબા થઇને સૂઇ ગયા. પાછળથી તેમણે કહ્યું કે, બાબા પોતે જ મને પરબ્રહ્મ સ્વરૂપ દેખાયા. જાણે સાક્ષાત્ શ્રીરામને જોતો હોઉં એવો અનુભવ થયો.

મસીદ મુસલમાનની પણ બાબાએ તેમનું નામ રાખ્યું દ્વારકા માઇ! શરૂ શરૂમાં સ્થાનિક મુસલમાનોએ આ બાબતનો વિરોધ કર્યો હતો, પણ બાબાના ચમત્કારો દેખી વિરોધ પડતો મૂક્યો હતો.

મસીદ પડું પડું થઇ રહી હતી છતાં બાબાએ તેમાં ધામો નાંખ્યો. શરૂઆતમાં લોકોને મફત દવા–પાણી આપતા. કોઇ પ્રસાદ લેવા બોલાવે તો જતા. દર્દીને જોવા માટે કોઇ લઇ જાય તો ત્યાં પણ જતા અને કાળજીભરી સારવાર આપતા. એકવાર પરહેજી ન પાળવાથી દર્દીનું મૃત્યુ નીપજ્યું તે દિવસથી બાબાએ દવા આપવાનું બંધ કરી દીધું. પછી ફક્ત આશીર્વાદ જ આપતા. દવાને

બદલે મસીદમાં સતત જલતા અગ્નિની રાખ (ઉદી) પ્રસાદીરૂપે આપતા અને ફક્ત તેનાથી જ લોકોને સારું થઇ જતું.

દવા આપવાનું બંધ કરતાં ભિક્ષા માગવા જવું પડતું. બાબા ઝોળી તથા ટમલર લઇને ઘેર ઘેર ભિક્ષા માગવા જતા. રાંધેલું અનાજ, રોટલી, રોટલા, દાળ, ભાત, શાકભાજી વગેરે જેટલું મળે તેટલું માગી લાવતા. પોતાના પૂરતું કાઢી લઇ બાકીનું મસીદમાં મૂકી રાખેલી એક કૂંડીમાં જમા કરતા જે કાગડા, કૂતરાં, બિલાડાં અને ક્યારેક તો ક્ષુધાર્થ મનુષ્યોના પેટની ક્ષુધા ઠારવા પણ કામ લાગતું.

* *

પરમહંસ યોગાનંદજીના પિતાનું નામ ભગવતીચરણ ઘોષ હતું. તેઓ ક્ષત્રિય વર્ગના બંગાળી હતા. તે સમયમાં (આશરે ૧૦૦ વર્ષ પહેલાં) બંગાલ–નાગપુર રેલ્વે જ ભારતની એક મોટી કંપની હતી. તેમાં તેમનું સ્થાન વાઇસ પ્રેસિડંટની સમાન કક્ષાનું હતું. તેઓ આર્થિક રીતે ઘણા સુખી હતા. એમણે કદી થિયેટર જોયું ન હતું. મનોરંજન માટે તેઓ જાતજાતની આધ્યાત્મિક સાધનાઓ અને ભગવદ્ ગીતાના વાચનમાં વખત ગાળતા. બધા જ મોજશોખો એમને માટે ત્યાજ્ય હતા. બૂટની જોડી તદ્દન ઘસાઇ જાય ત્યાં સુધી વાપરતા. મોટરગાડીની વપરાશ લોકપ્રિય થઇ ત્યારે એમના છોકરાએ મોટર ખરીદી, પણ પિતાએ દરરોજ ઓફિસે જવા માટે ટ્રોલીકારના ઉપયોગથી જ સંતોષ માન્યો હતો. સત્તા ચલાવવા માટે દ્રવ્યનો સંચય તેમને ગમતો નહિ. કલકત્તા અર્બન બેંકનું ઉદ્ઘાટન કર્યા પછી એના શેરો ખરીદી લાભ ઉઠાવવાની એમણે ના પાડી હતી. નવરાશના વખતમાં એક નાગરિક તરીકેની ફરજ બજાવવાની જ એમણે ઇચ્છા રાખી હતી.



ભગવતીચરણે નિવૃત્તિ લીધા પછી કેટલાક વરસે બંગાલ–નાગપુર રેલ્વે કંપનીના ચોપડા તપાસવા એક અંગ્રેજ હિસાબનીશ ઇંગ્લાંડથી આવ્યો. આ હિસાબનીશે આશ્ચર્યપૂર્વક જોયું કે તેમણે બોનસની ચડી ગયેલી રકમ માટે કદી અરજી જ કરી નથી.

'એમણે એકલાએ ત્રણ માણસોનું કામ કર્યું છે!' પેલા હિસાબનીશે કંપનીને રિપોર્ટ કર્યો. 'પાછલા લેણા તરીકે એના રૂા. ૧,૨૫૦૦૦ બાકી નીકળે છે.' (આશરે ૧૦૦ વર્ષ પહેલાં ૧,૨૫૦૦૦ ની રકમ આજની ગણત્રીયે સવા કરોડ જેવી ગણાય). રેલ્વે અધિકારીઓએ આટલી રકમનો ચેક પિતાને મોકલી આપ્યો. આ રકમ એમને નજીવી લાગેલી. (સંપત્તિનું એમને કોઇ મહત્ત્વ નહોતું.) જેથી એમણે એ સંબંધી કુટુંબને વાત સરખી પણ કરી નહોતી. ઘણા વખત પછી મુકુંદ(સ્વામી યોગાનંદ)ના નાનાભાઇ વિષ્ણુએ પિતાને આ વિષે પૂછેલું, કેમ કે બેંકમાંથી આવતા પત્રક ઉપર તેણે એટલી મોટી રકમ જમા થયેલી જોઇ હતી. 'આવા પાર્થિવ નફા સારું રાચવું શા માટે?' પિતાએ જવાબ આપ્યો.' જે સ્થિતપ્રજ્ઞ થવાની ઉમેદ રાખતો હોય તેણે નફાથી હરખાઇ જવાનું નથી અને નુકશાનથી દિલગીર થવાનું નથી. એ તો જાણે છે કે માણસ ખાલી હાથે દુનિયામાં આવે છે અને ખાલી હાથે વિદાય થાય છે.'

(આજના સમયમાં કામ કરવાની વૃત્તિ ઓછી હોવા છતાં આર્થિક લાભ વધુને વધુ મેળવવાની અપેક્ષા રાખતા વર્ગ માટે આ દૃષ્ટાંત અનુકરણીય છે.)

प्रभुએ આપેલ માનવશરીરમાં ઘણી બધી ક્ષમતા-ઓ રહેલી છે. છતાં તે પ્રત્યે કેટલા સજાગ છે? યોગ બીજું કશું નથી કરતો, પરંતુ આ ક્ષમતાઓને છતી કરે છે અને શરીરમાં રહેલી અદ્ભુત શક્તિઓનો માનવને પરિચય કરાવે છે, જેથી તે રોગ અને ચિંતામુક્ત થઈ શકે છે.

યોગેશ્વરજી


સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩




# રામકથા

(ઓક્ટોબર-'૯૮થી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

પરંતુ રામના અનુપમ પરાક્રમ આગળ એ લાંબો વખત ન ટકી શક્યો.

મંદોદરીની આગળ એણે બતાવેલી મૃત્યુની અમંગલ આશંકા સાચી ઠરી અને રામના બાણના ઉપરાઉપરી થયેલા પ્રહારથી એ મૃત્યુ પામ્યો.

એના મૃત્યુ સાથે જ પરાક્રમથી ભરેલા એક અસાધારણ જીવન પર પડદો પડી ગયો.

રાવણના મૃત્યુથી વાનરસેનામાં અવનવો ઉત્સાહ ફરી વળ્યો.

રામ, લક્ષ્મણ તથા સુગ્રીવના જય જયકારથી આખું વાતા-વરણ ગાજી ઊઠયું.

રાવણને પૃથ્વી પર નિશ્ચેતન દશામાં પડેલો જોઈને વિભીષણનું અંતર ઊંડી વેદનાથી ભરાઇ ગયું.

એનો ભ્રાતૃભાવ જાગી ઊઠયો અને એ શોક કરવા લાગ્યો.

મંદોદરી તથા બીજી રાણીઓ પણ રણભૂમિમાં રાવણના શબ પાસે આવીને રડવા માંડી.

રામ તથા સુગ્રીવે એમને આશ્વાસન આપ્યું.

મંદોદરીએ રામને ઉદ્દેશીને કહ્યું : 'જે જન્મે છે તે જરૂર જાય છે તેનો મને શોક નથી. વસવસો માત્ર એટલો જ છે કે,

એમણે મારી શિખામણ ન માની. મારા કહ્યા પ્રમાણે એ ચાલ્યા હોત તો એમનો આવો અંત ન આવત. મેં એમને કહેલું કે, રામ કોઈ સામાન્ય માનવ નથી પરંતુ પરમાત્મ સ્વરૂપ છે માટે એમની સાથે લડવાને બદલે સીતાને છોડી દો અને એમનું શરણ લો, તોપણ એમણે ન માન્યું. એમને માથે કાળ ભમતો હતો એ સાચું ઠર્યું. મને પોતાને તમારા દર્શનનો અલભ્ય લાભ મળ્યો તેથી મારી જાતને ભાગ્યશાળી માનું છું. તમારી ઝાંખી કરવાનું મારું લાંબા વખતનું સ્વપ્ન આજે સફળ થયું. ઈશ્વરે મારા જીવનમાંથી એક પ્રકારની સંપત્તિ લઈ લીધી તેની સાથે જ મને એક બીજી જાતની અમુલખ સંપત્તિ પ્રદાન કરી.'

રામે કહ્યું : 'મંદોદરી, વિભીષણના મુખથી તારી ગુણગાથા સાંભળીને મારા અંતરમાં તારે માટે અત્યંત આદરભાવ પેદા થયેલો તથા તને મળવાની આતુરતા જાગેલી. એ આતુરતા આવા વિચિત્ર સંજોગોમાં પૂરી થશે તેની કલ્પના ન હતી. છતાં પણ તને જોઈને મને આનંદ થયો છે. મારા હૃદયમાં તારા પ્રત્યે જે ભાવ છે તેનું વર્ણન કરવા માટે મારી પાસે પૂરતા શબ્દો નથી. આવી કરુણ પરિસ્થિતિમાં એવું વર્ણન ઉચિત પણ નહિ લાગે, છતાં પણ એટલું તો નિર્વિવાદ છે કે, લંકાના અને એના રાજા રાવણ-ના ઉત્કર્ષનું કારણ તું જ હતી. તારે લીધે જ લંકા સોનાની બની છે ને રાવણને આટલી શક્તિ મળી છે.'

રામના આદેશને માન આપીને રાવણનો વિધિપૂર્વક અગ્નિ-સંસ્કાર કરવામાં આવ્યો.

એક મહત્ત્વના વિરાટ જીવનનો એક અગત્યનો અંક પૂરો થયો.

એ પછી રામે લક્ષ્મણને સૂચવ્યું : 'વિભીષણને લઈને લંકામાં હવે એમનો રાજ્યાભિષેક કરવાની તૈયારી કરી દે. સુગ્રીવ તથા હનુમાન પણ તારી સાથે આવશે અને તને એ કામમાં મદદરૂપ થશે. લંકામાં વ્યવસ્થા સ્થપાય એ અત્યંત આવશ્યક છે જેથી પ્રજાને શાંતિ વળે.'



વિભીષણે રામને પ્રણામ કરીને કહ્યું : 'મારા મનમાં રાજ્યની જરા પણ ઇચ્છા નથી. મારે તો તમારી સંગતિ અને સેવાની જ ઇચ્છા છે. એમાં જ મારું સામ્રાજ્ય સમાયેલું છે.'

'છતાં પણ મારી ઇચ્છાને માન આપીને તમારે રાજ્ય કરવું જ પડશે. રાજ્ય મારું છે એવું માનીને મારા પ્રતિનિધિ તરીકે એને ભોગવો અને પ્રજાને સુખી કરો તો તેમાં કશું ખોટું નથી. એવી ભાવનાથી ભોગવાયેલું રાજ્ય તમને કોઈયે રીતે બંધનકારક નહિ થાય. મેં તમને લંકાનું રાજ્ય આપવાનો જે સંકલ્પ કરેલો તે સફળ થયેલો જોઈને મને અપાર આનંદ થશે. હું મારા સંપૂર્ણ પ્રેમ સાથે તમારી પાસે ને સાથે જ છું એમ સમજજો. તમારાથી કદી છૂટો નહિ પડું.'

'રાવણના મૃત્યુ પછી તો મારું મન એકદમ દુઃખી, નીરસ અને ઉપરામ બની ગયું છે. એને કશું ગમતું જ નથી. એ સંસારની અસારતાના જ વિચારો કર્યા કરે છે. મને થાય છે કે, જો બધું નશ્વર કે ક્ષણભંગુર જ હોય, અને એક દિવસ એને છોડીને ચાલવાનું જ હોય, તો એનો મોહ શા માટે રાખવો તથા એનો ત્યાગ અત્યારથી જ શા માટે ન કરવો?'

'તમારી એ ભાવના ઉત્તમ છે, અને એ તમને રાજ્ય શાસન કરતાં કરતાં અલિપ્ત રાખશે. અત્યારનો વખત કેવળ નીરસ, ઉપરામ કે દુઃખી બનીને બેસી રહેવાનો નથી, આંસુ સારવાનો કે

શોકમાં ડૂબવાનો પણ નથી, પરંતુ કર્તવ્યનો વિચાર કરીને કર્તવ્યની કલ્યાણકારક કેડીપર આગળ વધવાનો છે. કર્તવ્યપાલનમાં પ્રમાદ કરવાથી કોઈ જાતનો લાભ નહિ થઈ શકે. સંહાર અસાર છે એ સાચું છે, અને રાવણની જેમ એક દિવસ સૌએ વિદાય થવાનું છે એ પણ સાચું છે, પરંતુ વિદાય થતાં પહેલાં સત્કર્મની સુવાસ છોડી જવાની છે. એને માટેનો અવકાશ પ્રત્યેકને માટે રહેતો હોય છે. તમારા જીવનમાં રાજ્યપ્રાપ્તિનો જે અવસર આવ્યો તેનો તમે સદુપયોગ કરી શકશો. તમારા જેવા સુયોગ્ય પુરુષના હાથમાં આવેલું રાજ્ય સૌનું શ્રેય કરશે. એ જ રાજ્ય જો અયોગ્ય પુરુષના હાથમાં આવે તો પ્રજાને માથે આફત ઊભી કરી દે.'

રામે વિભીષણને અનેક રીતે સમજાવ્યો, એટલે વિભીષણનો વિષાદ જરા હળવો થયો. અને એ એમના આદેશાનુસાર કરવા તૈયાર થયો.

લંકેશ થયા પછી વિભીષણે રામની પાસે આવીને કહ્યું : 'લંકાનો ખજાનો તમારો જ છે. એ ખજાનામાં હીરા, માણેક, મોતી તથા બહુમૂલ્ય રત્નો છે. એમાં એકઠો કરાયેલો સુવર્ણભંડાર પણ અનુપમ છે. તમે તમારી ઈચ્છા પ્રમાણેનું ધન તેમાંથી લઈ શકો છો.

રામે સુમધુર સ્મિત કરીને કહ્યું : 'વિભીષણ, લંકાનો ખજાનો મારો નથી પરંતુ લંકાની પ્રજાનો છે. એની સાચી હકદાર લંકાની પ્રજા છે. એ એના હિત માટે જ વપરાવો જોઈએ. મારે માટે તો એ પરધન હોવાથી પત્થર બરાબર છે. મારે એમાંથી કશું પણ નથી જોઈતું. અને લેવાની; લૂંટવાની કે લૂંટાવાની ઈચ્છા પણ મારામાં નથી પેદા થતી. હું લૂંટવા માટે નથી આવ્યો, કુકર્મ ના દુષ્ટ શાસનથી અસ્વસ્થ અથવા અશાંત થયેલાં ને બધી રીતે લૂંટાયેલાંને રાહત આપવા, સ્વસ્થ કરવા, ને સમૃદ્ધ બનાવવા આવ્યો છું. પરધનને પત્થર બરાબર તથા પરસ્ત્રીને માતા બરાબર માનવાથી જ મારું જીવન શક્તિશાળી બની શક્યું છે. તમે પણ એ બે મંત્રો યાદ રાખજો, ને લંકાના ખજાનાને સંસારમાં સૌથી મોટો ખજાનો સત્કર્મોનો છે. એ ખજાનો કદી પણ ખાલી ન થવો જોઈએ.'



'તોપણ આ વાનર યોદ્ધાઓને કાંઈક પારિતોષિક તો આપવું જોઈએ ને?

'એમને બીજા કોઈયે સ્થૂલ પારિતોષિકની ઈચ્છા નથી. એમનું પારિતોષિક મારો સ્નેહ અને મારી સેવા છે. એમાં જ એમનો આનંદ છે.

'રામ જે કહે છે તે સાચું કહે છે.' સુગ્રીવે જણાવ્યું : 'અમારા પર એમની કૃપાદૃષ્ટિ છે એ જ શું મોટામાં મોટું પારિતોષિક નથી? અમે તો એને અમને મળેલું મોટામાં મોટું પારિતોષિક માનીએ છીએ.'

હનુમાને કહ્યું : 'એમની સેવાથી અમને જે ઊંડો આત્મસંતોષ મળ્યો છે એની આગળ બીજા પારિતોષિકની કિંમત કશી જ નથી. સેનામાં કોઈને એવા પારિતોષિકની લાલસા નથી.'

એ પછી વિભીષણે પોતાનો પ્રસ્તાવ પડતો મૂક્યો ને રામને બીજી કોઈ સેવા બતાવવા કહ્યું ત્યારે રામ બોલ્યા : 'વિભીષણ, મારા હૃદયને તમે સારી પેઠે સમજી શકો છો. એ હૃદય સ્નેહમૂર્તિ સીતાવિના સૂનું છે. એને મળવા માટે એ અત્યંત આતુર બની ગયું છે. એને એ સંતપ્ત હૃદયને શાંત કરવા માટે જ હું આટલે

દૂર આવી પહોંચ્યો છું. સીતા મારા વિયોગથી ખૂબ જ વ્યથિત હશે. એનો વખત કેમે કરીને નહિ વીતતો હોય. હું એની પાસે અત્યારે જ પહોંચી જાઉં, પરંતુ વનવાસના નિયમપાલનને લીધે મારાથી નગરમાં નહિ જઇ શકાય, તમે સીતા પાસે જઇને એને સઘળા સમાચાર સંભળાવીને શાંતિ આપો અને સન્માનપૂર્વક બનતી વહેલી તકે અહીં લઇ આવો, જેથી એનું દર્શન કરીને શાંતિ પામું. હવે એ જ મહત્ત્વનું કામ કરવા જેવું છે. સીતાને જોઇશ ત્યારે જ મારા જીવનમાં રસ પેદા થશે અને આનંદ ઉભરાશે.'

વિભીષણે રામને વંદન કરીને કહ્યું : 'મને પણ એ જ વિચાર આવ્યા કરતો'તો. રાવણના મૃત્યુના ને તમારા વિજયના સમાચાર સાંભળીને સીતાને આનંદ થશે. એના નીરસ જીવનમાં નવો પ્રાણ પેદા થશે. લાંબા વખતના વિયોગ પછી તમને મળવા-નો અમુલખ અવસર પ્રાપ્ત થતાં એનું મન મુક્તિનો મહારસ ચાખીને ધન્ય બનશે. મંદોદરીએ દુઃખના દિવસોમાં એને અવાર-નવાર આપેલું આશ્વાસન સાચું ઠરશે એ જોઇને મંદોદરીને પોતાને પણ કેટલો બધો સંતોષ થશે? ખરેખર મંદોદરીએ એના પ્રત્યે ઊંડી લાગણી રાખીને એની ખૂબ જ સેવા કરી છે.'

'એ લાગણી તેમ જ સેવા મારાથી નહિ ભૂલી શકાય.' રામ ગળગળા થઇને બોલી ઊઠયા : 'કદી પણ નહિ ભૂલી શકાય. તેને માટે હું મંદોદરીનો ઋણી છું.'

## અગ્નિપરીક્ષા

વિભીષણે હનુમાન સાથે અશોકવાટિકામાં જઇને સીતાને સઘળા સમાચાર કહી બતાવ્યા તેથી સીતાની પ્રસન્નતાનો પાર ન રહ્યો.



એની આંખ ભીની થઇ ગઇ અને એ બોલી : 'ત્રિજટાએ મને સઘળા સમાચાર કહી બતાવ્યા છે. રામ રાવણ સાથેના યુદ્ધમાં વિજયી થયા એથી મને હર્ષ થાય છે. આખરે સત્યનો જય થયો અને અસત્ય અથવા અધર્મનો ક્ષય. મહાપુરુષોનું સોનેરી સુવાક્ય સાચું ઠર્યું. રામને મળવાની આશામાં જ મારા પ્રાણને ટકાવી રાખીને બેસી રહી છું. રામના દર્શનનો લાભ મેળવીને મારાં લોચન કૃતાર્થ થશે ને મારું જીવન ધન્ય બનશે. હવે લેશ પણ વિલંબ કર્યા વિના હું વહેલામાં વહેલી તકે એમની પાસે પહોંચી જવા માગું છુ'

હનુમાને કહ્યું : 'તમે રામને મળવા માટે જેટલાં આતુર છો તેટલા જ આતુર રામ તમને મળવા માટે થઇ રહ્યા છે. એમના અંતરમાં જે અધીરતા છે તેનું વર્ણન મારાથી નથી થઇ શકતું.'

'તમે મારી શોધ કરવાનું કઠિન કામ ન કર્યું હોત તો આ આનંદદાયક અવસર મારા જીવનમાં કદાચ કદી પણ ન આવ્યો હોત. તમારી સેવાના બદલામાં તમને શું આપું? મારી પાસે એવું કાંઇ જ નથી જે હું તમને અર્પણ કરી શકું. એ પારિતોષિક તો રામ અથવા સુગ્રીવ જ આપી શકશે.'

'મારે તમારી, રામની કે સુગ્રીવની પાસેથી કશું જ નથી જોઇતું. મેં તો માત્ર મારું કર્તવ્ય જ બજાવ્યું છે, અને એ પણ રામની તથા તમારી કૃપાથી જ બજાવ્યું છે, એથી વિશેષ કશું જ નથી કર્યું.તમારે મને સાચેસાચ કાંઇ આપવું જ હોય તો તમારી કૃપા તથા શુભાશિષ આપો જેથી જીવનભર તમારી ને રામની સેવા કરતો રહું. એ શુભાશિષ અને કૃપા કરતાં વિશેષ કીમતી મને કશું જ નથી લાગતું.'

સીતા હનુમાનના એ શબ્દોથી પ્રસન્ન થઇને બોલી : 'મારી અને રામની કૃપા તથા શુભાશિષ તમારા પર સદાને માટે વરસ્યા કરશે.'

વિભીષણની સૂચનાથી સીતાને મંગલ દ્રવ્યોથી સ્નાન કરાવવામાં આવ્યું અને સરસ વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં.

સીતા રામ પાસે પહોંચવા તૈયાર થઇ. જાણે સરિતા સાગરમાં સમાવા ઉત્સુક બની.

ત્રિજટાની આંખમાં આનંદ અને શોકનાં આંસુ આવી ગયાં.

'મારી ઉપર તારા જેવી મમતા રાખનારી ત્રિજટાને નહિ ભૂલી શકાય. અયોધ્યામાં પણ એ યાદ આવશે. એણે કષ્ટના કપરા દિવસોમાં મને વારંવાર હિંમત આપી છે. એની વિદાય લેતી વખતે મારી માતાની વિદાય લેતી હોઉં એવી લાગણી થઇ આવે છે.'

ત્રિજટા બોલી : 'મને પણ તારા પર મારી પુત્રી જેટલો જ પ્રેમ છે. તું અશોક વાટિકાની વિદાય લઇ રહી છે ત્યારે મારું હૃદય હર્ષ તથા શોકની સંમિશ્રિત લાગણીનો અનુભવ કરે છે. હર્ષ એટલા માટે થાય છે કે, જેમનાથી તું વિખૂટી પડેલી તે રામના પુનર્મિલનનો અવસર તારા જીવનમાં આવી પહોંચ્યો છે, અને શોક થવાનું કારણ એટલું જ છે કે, હવે રોજની જેમ તારા દૈવી દર્શનનો લાભ નહિ મળી શકે. છતાં આ અવસર આનંદનો જ છે અને શોકનો નથી. જગત આખુંય પરિવર્તનશીલ છે એટલે એના પરનું જીવન પણ પરિવર્તનશીલ હોય જ ને?'

(ક્રમશઃ)

# * આત્મનિર્ભર શાંતિ એટલે શું? *

ભગવાન ગીતાના છઠ્ઠા અધ્યાયમાં વાત કરી રહ્યા છે તે શાંતિ અને તે આનંદમાં અને સામાન્ય રીતે સંસારમાં જે શાંતિ અને જે આનંદનો ઉપભોગ માનવો કરે છે તે શાંતિ અને આનંદમાં આકાશ અને પાતાળનો તફાવત છે. સંસારના સામાન્ય મનુષ્યો ને અસામાન્ય મનુષ્યો જે શાંતિ અને આનંદને અનુભવે છે તે શાંતિ અને આનંદ બાહ્યપદાર્થો ઉપર નિર્ભર છે. બાહ્યવાતાવરણ પર નિર્ભર છે. બીજાના ઉપર આધાર રાખવો પડે. જે શાંતિ આનંદને અનુભવવા માટે તો તે પરનિર્ભર શાંતિ, પરનિર્ભર આનંદ છે. ભગવાન તેવી શાંતિ અને તેવા આનંદની વાત કરતા નથી. તે શાંતિ તો મનને સાત્ત્વિક બનાવવાથી, મનને સદ્ગુણી કરવાથી, મનને સત્કર્મોના સુસંસ્કારોથી સંપન્ન બનાવવાથી પ્રાપ્ત થાય છે. અને તે શાંતિ પોતાની અંદરથી આત્માના અનુભવને પરિણામે પ્રાપ્ત થાય છે એટલે એ શાંતિને પોતાના ઉપર આધાર રાખનારી શાંતિ કહેવામાં આવે છે, આત્મનિર્ભર શાંતિ.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * સદ્‌ગુરુનું એકવાર શરણ તો લઈ જુઓ. *

સદ્‌ગુરુ શિષ્યને આમ કે–'ભાઈ! તું આત્મસ્વરૂપ, કેમ આમ સુષુપ્તાવસ્થામાં પડયો છે? તું શુદ્ધ, બુદ્ધ, મુક્ત છે. કેમ દીનહીન બનીને બેઠો છે? આ અવિદ્યાના સાગરને તું સહેલાઈથી તરી શકીશ. આવ. મોહમાંથી મુક્તિ મેળવી શકીશ. વાસનાઓમાંથી તું મુક્ત બની શકીશ. તું બધું કરી શકે એમ છે. કાંઈ પણ મુશ્કેલ નથી. જેના ઉપર પરમાત્માની કૃપા છે એને માટે કાંઈ મુશ્કેલ નથી. જેના ઉપર પરમાત્માનો અભય ને વરદ હસ્ત છવાયેલો છે એને કોઈ ચિંતા નથી. પરમાત્મા બધું કરી શકે. તો પરમાત્માની શક્તિના આધાર પર આ ભક્ત નાચે છે, એમનો શરણાગત નાચે છે. કે મેં જેનું શરણ લીધું છે એ સર્વસમર્થ છે ને, હું ભલેને અલ્પ સમર્થ હોઉં, મારામાં ભલેને કંઈ શક્તિ ન હોય, શરણ મેં કોનું લીધું છે! એ સર્વસમર્થ છે. મારે માટે કંઈ જ ચિંતા નથી, કંઈ જ ઉપાધિ નથી, મારે કોઈ જાતનો ભય નથી. અને ભગવાન તેની રક્ષા કરીને સલામત રીતે, સુ-સુરક્ષિત રીતે આગળ ને આગળ વધારે છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.